નવેમ્બર (દ્વિતીય) ૨૦૨૦ | ₹ ૩૦.૦૦

ચંપક

સબસ્ક્રાઈબ કરવા માટે ૯૮૨૪૦૭૭૫૮૬ પર મેસેજ મોકલો
અથવા જુઓ. delhipress.in
આગામી 'ઈ એડિશન ફ્રી' મેળવવા માટે ઉપરના નંબર પર મેસેજ કરો.

VISIT…

WE SPEAK IN 30 DIFFERENT CONSUMER VOICES.

BECAUSE EVERY BRAND IS UNIQUE.

With virtually every age group, income segment and language covering 30 million Indians, we are the most diverse magazine group in India. So next time you want to address anyone in India, you are better off speaking to the **Delhi Press** Group today.

DELHI PRESS

To subscribe to our magazines Call/SMS/WhatsApp: 08588843408,
E-mail: subscription@delhipress.in, You can also subscribe online at www.delhipress.in/subscribe

THE CARAVAN · CHAMPAK · सरिता · गृहशोभा · चंपक · मुक्ता · सरस सलिल · फार्मा फूड · सत्यकथा · मनोहर कहानियां

ગૃહશોભા · ચંપક · સરસ સલિલ · गृहशोभिका · চাঁপা · সলিল · గృహశోభ · ಸರಸ ಸಲಿಲ · சுமை · சார்ல் · ഗൃഹശോഭ · ചംപക് · ಗೃಹಶೋಭಾ · ಚಂಪಕ್ · ಸಲಿಲ · சுமை · Highlights CHAMPS · Highlights Genies · MOTORING

ચંપક

નવેમ્બર (દ્વિતીય) ૨૦૨૦ અંક : ૧૦૬૧

FOUNDER
VISHWA NATH
1917-2002

ટૂંકી વાર્તાઓ

અનોખું પગલું	૦૪
ટીવી એટલું ખરાબ નથી	૦૯
ભેટ	૧૪
પહાડ સાથે મુલાકાત	૧૯
કુક્કીનો વિજય	૨૬
કિમીની દોસ્ત	૩૦
આળસુ	૩૭
એપ્સનું ઘમસાણ	૪૭

મજાની મજા

સુંદર રંગ પૂરો	૦૮
જુઓ, હસતાં નહીં...	૧૨
ઉખાણાં	૧૬
તમારા અધિકાર જાણો	૧૮
વિશ્વ શૌચાલય દિવસ	૨૩
ટપકાં જોડો	૨૯
ચિત્ર પૂરું કરો	૩૨
છૂપાં ચિત્ર શોધો	૩૩
સ્માર્ટ	૩૪
દિશા બતાવો	૩૬
અંતર શોધો	૪૦
રસ્તો શોધો	૪૧

ચિત્રવાર્તાઓ

ડમરુ અને ટૂથબ્રશ	૧૩
ચીકૂ	૨૪
દાદાજી અને વિશ્વ ટીવી દિવસ	૪૨

Only Books Magazine

મુખપૃષ્ઠ

શિયાળો આવી રહ્યો છે. આ ઊની સ્વેટર અને જેકેટનો સમય છે. ઠંડીની મોસમની આ એક જાદૂઈ સીઝન છે.

વિશેષ પૃષ્ઠ

રસપ્રદ વિજ્ઞાન	૧૭
નાની મારી લેખણ	૪૪

સંપાદક અને પ્રકાશક • પરેશ નાથ

મુખ્ય સંપાદન, જાહેરખબર અને પ્રકાશન કાર્યાલય : દિલ્લી પ્રેસ ભવન, ઈ-૮, ઝંડેવાલા એસ્ટેટ, રાણી ઝાંસી માર્ગ, નવી દિલ્લી - ૧૧૦૦૫૫.
ફોન : ૦૧૧૪૧૩૮૮૮૮૮ ફેક્સ : ૦૧૧-૨૩૬૨૫૦૨૦
અમદાવાદ સંપાદન અને જાહેરખબર વિભાગ : દિલ્લી પ્રેસ, ૩૧, નારાયણ ચેમ્બર્સ, આશ્રમ રોડ, અમદાવાદ - ફોન : ૨૬૫૭૩૮૪૫ ફેક્સ : ૨૬૫૭૩૦૬૩
દિલ્લી પ્રેસ પત્ર પ્રકાશન પ્રાઈવેટ લિમિટેડ વતી પ્રકાશક અને મુદ્રક પરેશ નાથ દ્વારા પીએસ પીસી પ્રેસ પ્રાઈવેટ લિમિટેડ, ડીએલએફ-૫૦, ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ફરીદાબાદ, હરિયાણા-૧૨૧૦૦૩, દિલ્લી પ્રેસ ઈ-૮, ઝંડેવાલા એસ્ટેટ, નવી દિલ્લીથી પ્રકાશિત.

Editor, Publisher & Printer : Paresh Nath
Printed at PS PC Press Pvt. Ltd. DLF-50, Industrial Area, Faridabad, Haryana-121003. and Delhi Press E-8, Jandewala Estate New Delhi - 110 055 and Published on behalf of Delhi Press Patra Prakashan Private Ltd. From E-8, Jhandewala Estate, New Delhi - 110 055
THIS COPY IS SOLD ON THE CONDITION THAT JURISDICTION FOR ALL DISPUTES CONCERNING PUBLISHED MATTER, SALE AND SUBSCRIPTION WILL BE COURTS/FORUMES/TRIBUNALS AT DELHI.

ચંપકમાં પ્રકાશિત વાર્તાઓમાં આવતાં નામ, સ્થળ, બનાવો અને સંસ્થાઓ કાલ્પનિક છે અને કોઈની સાથે તેની સમાનતા સંજોગ માત્ર જ છે. ચંપકમાં મોકલવામાં આવતી રચના સાથે નામ-સરનામાવાળું ટિકિટ ચોંટાડેલું કવર નહીં હોય તો તે પરત મોકલવામાં આવશે નહીં. જો કોઈ રચના ટપાલમાં ગેરવલ્લે જશે તો તે માટે કાર્યાલય જવાબદાર નથી.

દિલ્લી પ્રેસ પત્ર પ્રકાશન પ્રાઈવેટ લિમિટેડની પરવાનગી વિના કોઈપણ રચનાનો ઉપયોગ કરવો નહીં. 'ચીકૂ' શીર્ષક ભારત સરકાર દ્વારા રજિસ્ટર્ડ છે.

વાર્ષિક લવાજમ માત્ર ડ્રાફ્ટ/મનીઓર્ડરથી 'ચંપક'ના નામે ઈ-૮, ઝંડેવાલા એસ્ટેટ, નવી દિલ્લી-૧૧૦૦૫૫ ખાતે મોકલવા. ચેક તથા વી.પી.પી. સ્વીકારાતા નથી.
કિંમત : ૩૦ રૂપિયા. એક વર્ષ માટે ૭૫૦ રૂપિયા, બે વર્ષ માટે ૧,૪૫૦ રૂપિયા, (ભારતમાં).

તમારી વાર્તા, કવિતા, ડ્રોઈંગ્સ અને ક્રાફ્ટ્સ અહીં મોકલી શકો છો : writetochampak@delhipress.in
www.facebook.com/ChampakMagazine **અને** https://www.youtube.com/ChampakSciQ

Only Books Magazine

અનોખું પગલું

વાર્તા • ઈન્દ્રજિત કૌશિક

હરિવનના રાજા શેરસિંહ પોતાના મંત્રી બ્લેકી રીંછના અચાનક નિધનથી ખૂબ દુખી અને પરેશાન હતા. બ્લેકી પોતાની બુદ્ધિથી કોઈ પણ સમસ્યાનો ઉકેલ ક્ષણમાત્રમાં લાવી દેતો હતો.

હવે ખાલી પડેલા મંત્રીપદ માટે જંગલના રહેવાસીઓ દ્વારા વિવિધ તુક્કા અજમાવવામાં આવી રહ્યા હતા. કોઈ પોતાની વફાદારીની યાદ અપાવી રહ્યું હતું તો કોઈ કચાંકથી આ જગ્યા માટે પોતાના નામની ભલામણ કરતું હતું.

રાજા શેરસિંહ ઈચ્છતા હતા કે જંગલનો નવો મંત્રી બ્લેકી રીંછ જેવો બુદ્ધિશાળી અને યોગ્ય હોય. યોગ્ય મંત્રીની પસંદગી કરવા માટે તેમણે જાહેરાત કરાવી કે

આ પદ માટે એક પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. મંત્રી બનવા માટે જંગલનો કોઈ પણ રહેવાસી પરીક્ષામાં સામેલ થઈ શકે છે. આ વિશાળ જંગલના મંત્રી બનવું ખૂબ ગર્વની વાત હતી, તેથી મોટી સંખ્યામાં પ્રાણીઓએ પરીક્ષા આપવાનો નિર્ણય કર્યો.

''મને વિશ્વાસ છે કે નવા મંત્રી રૂપે મારી જ પસંદગી થશે અને મેં તેના માટે પૂરી તૈયારી કરી લીધી છે.'' ડમડમ ગધેડાએ કહ્યું ત્યારે તેની વાત સાંભળીને બીજા પ્રાણીઓ હસવા લાગ્યા.

''તને તો લખતાંવાંચતાં જ નથી આવડતું, તું કેવી રીતે પરીક્ષામાં પાસ થઈશ?'' તેના મિત્રએ પૂછ્યું. ડમડમે ચારેય બાજુ ઘેટાબકરાને જોઈને જવાબ આપ્યો, ''હું વિચારી રહ્યો હતો કે પરીક્ષામાં ચહેરો અને પ્રતિભા જોવામાં આવશે, આ દૃષ્ટિકોણથી હું મારી પસંદગી પાકી સમજી રહ્યો હતો.'' ડમડમનો જવાબ સાંભળીને ઊભેલા તમામ પ્રાણીઓ હસીહસીને બેવડ વળી ગયા.

જંપી શિયાળ અને બેડી લોંકડ આ પરીક્ષામાં છેતરપિંડી કરવાની તૈયારીમાં લાગ્યા હતા, જેથી નકલ કરીને પરીક્ષામાં બાજી મારી શકે. જોકે પોતાની મહેનતના જોરે તૈયારી કરીને પરીક્ષામાં પાસ થવા વિશે વિચારનાર પ્રાણી ખૂબ ઓછા હતા. જોકે જુગાડ અને તિકડમ કરનાર પ્રાણીઓએ પૂરા પ્રયાસ કર્યા હતા. તે પરીક્ષાના દિવસની રાહ જોતા હતા.

શેરસિંહે આ પરીક્ષાનું આયોજન યોગ્ય રીતે કરવાની જવાબદારી ફેટી હાથીને સોંપી હતી, જેની પ્રામાણિકતા પર કોઈને શંકા નહોતી.

આખરે તે દિવસ આવી જ ગયો. એક વિશાળ હોલમાં પરીક્ષા આપનાર પ્રાણીઓ પોતપોતાની સીટ પર આવીને બેસી ગયા. પરીક્ષાના સંચાલક ફેટી હાથીએ હાજર તમામને પરીક્ષાના નિયમો સમજાવ્યા. પેપર વહેંચાઈ ગયા હતા. તેમાં આવેલા પ્રશ્નો ખૂબ અઘરા હતા, તેથી જે પ્રાણીઓએ પરીક્ષાની તૈયારી નહોતી કરી તેમના ચહેરા ફિક્કા પડી ગયા, પણ ભોલુ સસલો તો પ્રશ્નપત્ર જોઈને જવાબો લખવામાં વ્યસ્ત થઈ ગયો, કારણ કે તેને મોટાભાગના પ્રશ્નો આવડતા હતા.

અચાનક હોલમાં ગણગણાટ શરૂ થયો, ''હું પણ જાણું છું કે પેપર ખૂબ અઘરું છે, તેથી મેં બધા પ્રશ્નોના જવાબ લખીને પહેલાંથી રાખ્યા છે. તમે બધા ઇચ્છો તો ચુપચાપ જવાબની કોપી કરી શકો છો.'' કહેતા ફેટી

Only Books Magazine

હાથીએ પરીક્ષા આપી રહેલા પ્રાણીઓ વચ્ચે જવાબ લખેલું પેપર વહેંચી દીધું.

ભોલુ સહિતના બીજા અનેક એવા પ્રાણીઓ હતા, જેમણે મન લગાવીને પરીક્ષાની તૈયારી કરી હતી, તે આ રીતે સંચાલક દ્વારા જાહેરમાં નકલ કરાવાતા જોઈને ચોંકી ગયા.

બીજી તરફ જે પ્રાણીઓને જવાબ નહોતા આવડતા તે ખુશ થઈ ગયા, કારણ કે તેમને મહેનત વિના બધા પ્રશ્નોના જવાબ મળતા હતા. નકલનું પેપર હાથમાં આવતા જ તે ફટાફટ પ્રશ્નોના જવાબ લખવા લાગ્યા.

ભોલુ સસલાને પણ કેટલાય પ્રશ્નોના જવાબ નહોતા આવડતા. તેને પરેશાન જોઈને તેની પાછળની સીટ પર બેઠેલા પીલુ હરણે તેને પ્રશ્નોના જવાબ લખેલું પેપર પકડાવી દીધું, ''લે, ફટાફટ એ પ્રશ્નોના જવાબ લખી લે, જે તને નથી આવડતા. આવી તક ફરીથી નહીં મળે.''

ભોલુએ તેના હાથમાંથી પેપર તો લીધું, પરંતુ તેને આ રીતે નકલ કરીને પરીક્ષામાં પાસ થવાની રીત બિલકુલ ન ગમી.

પછી તેણે હાથોહાથ આ પેપર તેને પાછું આપી દીધું અને બાકી રહેલા પ્રશ્નોના જવાબ પોતાની બુદ્ધિથી વિચારીને લખવામાં લાગી ગયો.

જેવો પરીક્ષાનો સમય પૂરો થતા જ ફેટીએ બધા પ્રાણીઓ પાસેથી ઉત્તરવહી ભેગી કરી લીધી. એટલામાં રાજા શેરસિંહે હોલમાં પ્રવેશ કર્યો, ત્યારે હાજર પ્રાણીઓ તેમને જોઈને ચોંકી ગયા.

જે પ્રાણીઓએ પરીક્ષામાં નકલ નહોતી કરી અને પોતાની મહેનતથી જવાબ લખ્યા હતા, તેમણે ઊભા થઈને રાજા શેરસિંહ સમક્ષ સંચાલક ફેટી દ્વારા બધાને જાહેરમાં કરાવવામાં આવેલી નકલની ફરિયાદ કરી તો તે હસવા લાગ્યા.

Only Books Magazine

Only Books Magazine

''મહારાજ, ફેટીએ આ પરીક્ષાને મજાક બનાવી છે, તમે તેને શિક્ષા કરવાના બદલે હસો છો?'' ભોલુ સસલાએ ઊભા થઈને મહારાજને ગુસ્સામાં પૂછ્યું.

શેરસિંહે કહ્યું, ''મેં જ તેને આ બધું કરવા કહ્યું હતું.'' ભોલુ આશ્ચર્યમાં પડી ગયો.

''હકીકતમાં, અમારા માટે જંગલના મંત્રી તરીકે એક લાયક ઉમેદવારની પસંદગી કરવી એક મોટો પડકાર હતો, જેના માટે સ્વયં મહારાજે પરીક્ષાનું આયોજન કરવા અને ત્યાર પછી તેમાં નકલ કરવાની છૂટ આપવાનો આઈડિયા આપ્યો હતો.'' ફેટી હાથીએ રહસ્ય ખોલ્યું.

''નકલ કરીને મંત્રી બનવાનું સપનું જોનાર અયોગ્ય ઉમેદવારોએ જે પેપરની નકલ કરીને જવાબો લખ્યા છે, તે બધા જવાબો વાસ્તવમાં ખોટા છે. કંઈ સમજ્યાવિચાર્યા વિના આ બધી વાતો પર અમલ કરનારા ભૂલી ગયા કે આ જવાબો સાચા છે કે નહીં.'' રાજા શેરસિંહે સાચી વાત જણાવી.

''હવે જે પ્રાણીઓએ પોતાની મહેનતના જોરે પ્રશ્નોના જવાબો લખ્યા છે, તેમની ઉત્તરવહી તપાસીને પરિણામ જાહેર કરવામાં આવશે.'' ભોલુ અને કેટલાક પ્રાણીઓએ રાહતનો શ્વાસ લીધો. જ્યારે નકલ કરનાર પ્રાણીઓ એકએક કરીને હોલમાંથી બહાર જવા લાગ્યા.

યોગ્ય મંત્રીને પસંદ કરવા માટે રાજા શેરસિંહની આ અનોખી રણનીતિની બધાએ ખૂબ પ્રશંસા કરી. ●

સુંદર રંગ પૂરો

ટીવી એટલું ખરાબ નથી

વાર્તા • પૂનમ મેહતા

''અરે કૃષ્ણા, આ બંધ કરી દે. તું સવારથી ટીવી જોઈ રહ્યો છે.'' મમ્મી કિચનમાંથી બોલી. આખો દિવસ થોડીથોડી વારે વરસાદ પડી રહ્યો હતો. ક્યારેક તડકો નીકળતો તો ક્યારેક વરસાદના છાંટા પડતા. માએ કપડાં ધોઈને બહાર સૂકવ્યા હતા. તે ઈચ્છતી હતી કે ગુડ્ડુ તે અંદર લઈ આવે, પણ ગુડ્ડુ ટીવી જોવામાં વ્યસ્ત હતો અને બધા કપડાં ફરી ભીના થઈ ગયા હતા.

Only Books Magazine

ગુડ્ડુ ૯ મા ધોરણમાં ભણતો હતો અને તે પોતાના મોબાઈલ પર ગેમ રમવાના બદલે ટીવી જોવાનું વધારે પસંદ કરતો હતો. જ્યારે તે બહાર ન જતો ત્યારે પૂરો સમય ટીવી જોવામાં વિતાવતો. તેની મનગમતી ચેનલ ડિસ્કવરી, નેશનલ જિયોગ્રાફિક, બીબીસી અર્થ અને એનીમલ પ્લેનેટ. તેના મમ્મીપપ્પાએ આ બધી ચેનલોને મંજૂરી આપી, કારણ કે તે જ્ઞાનવર્ધક હતી. તેમણે એ પણ વિચાર્યું કે આટલું ટીવી જોવું પણ આંખોને નુકસાન પહોંચાડી શકે છે. 'ડિસ્કવરી' પર દરેક પ્રકારના કાર્યક્રમ આવે છે. ખાવાનું બનાવવાથી લઈને પશુપક્ષીઓની અજાણ જિંદગી વિશે જાણીને ગુડ્ડુ રોમાંચિત થઈ જતો. તેને પ્રાણીઓ ખૂબ વહાલા લાગતા હતા, પરંતુ તેના મમ્મીપપ્પા તેને વધારે ટીવી જોવાની મંજૂરી નહોતા આપતા.

ગુડ્ડુ ઘણી વાર વિચારતો હતો કે જો જી.એલ. બેયર્ડએ ટીવીની શોધ ન કરી હોત તો શું થતું? આપણે સુંદર જંગલ અને બરફથી ઢંકાયેલા પહાડોને ન જોઈ શકતા.

ગુડ્ડુનું ઘર પાર્કની નજીકમાં હતું. ગયા

અઠવાડિયે ખૂબ વરસાદ પડ્યો હતો, એટલે ચારેય બાજુ લીલોતરી હતી. આજે આકાશમાં મેઘ ધનુષ્ય પણ દેખાતું હતું.

ગુડ્ડુના પપ્પા પાસે ઓફિસમાં હતા અને મમ્મી કિચનમાં વ્યસ્ત હતી. જ્યારે ગુડ્ડુ મેઘધનુષ્ય જોવા છત પર ગયો, અચાનક ચીસ સાંભળીને તે દોડતો નીચે આવ્યો તો જોયું મમ્મી પરસેવે રેબઝેબ છે. મમ્મીના મોંમાંથી અવાજ નહોતો નીકળી રહ્યો. મમ્મી સામે લોટના ડબ્બા તરફ ઇશારો કરી રહી હતી.

ગુડ્ડુએ એ તરફ જોયું તો લોટના ડબ્બા પર

કુંડળી મારીને એક સાપ બેઠો હતો. ગુડ્ડુનું દિલ ઝડપથી ધબકવા લાગ્યું, પણ તેણે સમજદારી બતાવી. ગુડ્ડુએ મોબાઇ પર સાપ પકડનારના નંબર પર ફોન કર્યો, પણ ફોન કોઈએ ન ઉઠાવ્યો. તેથી તેણે મદદ માટે બૂમો પાડી, પાડોશમાં પણ કોઈ એવું નહોતું જે તે સમયે મદદ કરતું. મમ્મીએ ગુડ્ડુને દૂર ખસી જવા ઈશારો કર્યો. તેની નજર સતત સાપ પર કેન્દ્રિત હતી. એક નાનકડી ભૂલ તેને મુશ્કેલીમાં મૂકી શકે તેમ હતી. ગુડ્ડુએ ડિસ્કવરી ચેનલ પર થોડા દિવસ પહેલાં આબેહૂબ આવો જ સાપ જોયો હતો. તે જાણતો હતો કે આ સાપ ઝેરી નથી, પણ માએ જ્યારે લોટનો ડબ્બો ખોલ્યો તો કદાચ તેને ઈજા થઈ હતી, તેથી તે ગુસ્સામાં ફૂંફાડા મારી રહ્યો હતો.

Only Books Magazine

ગુડ્ડુ અને મમ્મી બંને ડરી ગયા હતા. સાપને જોઈને મદદ મળે ત્યાં સુધી તે જગ્યા છોડી શકાય તેમ નહોતી. મમ્મી ખૂબ પરેશાન હતી.

ગુડ્ડુએ સ્ટોરરૂમમાંથી લાકડી લીધી અને એક ખાલી ડબ્બો લીધો. તેણે કિચનની બધી લાઈટ ચાલુ કરી દીધી. તે ધીરેધીરે સાપ તરફ આગળ વધ્યો. મમ્મીએ સાપ પર નજર રાખવાની જવાબદારી તેને સોંપી. તેણે કિચનમાંથી મેઈન દરવાજા સુધીનો સામાન ખસેડી દીધો.

તે ધીરેધીરે લોટના ડબ્બા પાસે પહોંચી ગયો. તેનું દિલ જોરજોરથી ધબકી રહ્યું હતું. મમ્મી પણ ચિંતામાં હતી. સમજી ન શકી કે હવે ગુડ્ડુ શું કરવાનો છે. ગુડ્ડુએ ધીરેથી ડબ્બો ખોલ્યો અને સાપને થોડો આગળ કર્યો.



હતા. મમ્મીએ બધાના ગયા પછી ગુડ્ડુને પૂછ્યું, ''બેટા, તને આ કરવાની હિંમત ક્યાંથી મળી? સાંભળીને ગુડ્ડુએ માત્ર ટીવી તરફ ઈશારો કર્યો.''

મમ્મીને સમજાયું નહીં. ગુડ્ડુએ જણાવ્યું, ''મેં થોડા દિવસ પહેલાં ડિસ્કવરી ચેનલ પર આ જ સાપને જોયો હતો. મને ખબર હતી કે આ સાપ ઝેરી નથી અને તેને પૂંછડીથી પકડાય છે. ટીવીનો કાર્યક્રમ જોઈને મારામાં આત્મવિશ્વાસ આવ્યો. તેથી હું સાપને પકડી શક્યો.''

મમ્મીએ ગુડ્ડુ સામે પ્રેમથી જોયું અને શાબાશી આપી અને વિચાર્યું, 'ખરેખર, ટીવી એટલું પણ ખરાબ નથી.' ●

લાકડીથી તેની પૂંછડી પર વાર કર્યો.

સાપ ફર્યો અને સીધો ડબ્બામાં ઘૂસી ગયો. ગુડ્ડુએ તરત ડબ્બાનું ઢાંકણ બંધ કરી દીધું. મમ્મી તો જોતી રહી ગઈ. મમ્મીને આશા નહોતી કે ગુડ્ડુ આટલો બહાદુર અને સાહસિક છે. પછી ગુડ્ડુએ ડબ્બાને એક થેલામાં નાખીને તેનું મોં બંધ કરી દીધું, ત્યાં સુધીમાં સાપ પકડનાર આવી ગયા હતા.

ગુડ્ડુની બહાદુરીની તેમણે ખૂબ પ્રશંસા કરી. સાપ વધારે ઝેરી નહોતો, પણ એક બાળક દ્વારા આ કાર્ય થવું ખરેખર પ્રશંસનીય હતું, તેમણે ગુડ્ડુને સાપને જંગલમાં છોડી દેવાનું આશ્વાસન આપ્યું.

પાડોશી પણ ઘરની બહાર ભેગા થયા હતા. તે બધા ગુડ્ડુની બહાદુરીની ખૂબ પ્રશંસા કરી રહ્યા

જુઓ, હસતાં નહીં...

ટીચર (વિદ્યાર્થીને) : સૌથી શક્તિશાળી પ્રાણીનું નામ જણાવો.
વિદ્યાર્થી : હં... તમે કોના વિશે વિચારો છો, મેડમ?
ટીચર : વાઘ.
વિદ્યાર્થી : મારા મતે, વાઘ નહીં ઘોંઘા છે.
ટીચર : કેમ?
વિદ્યાર્થી : કારણ કે તે પોતાની પીઠ પર પોતાનું જ ઘર લઈને ચાલે છે.

યોગિતા, ૧૦ વર્ષ
નવી દિલ્લી

એમી (ટોમને) : કયું પ્રાણી બિલ્ડિંગથી પણ ઊંચું કૂદી શકે છે?
ટોમ : કાંગારું, કારણ કે બિલ્ડિંગ તો કૂદી ન શકે.

પ્રિયાલ ગોડમેયર, ૯ વર્ષ
મહારાષ્ટ્ર

ટીચર (પેરન્ટ્સને) તમારું બાળક મોટું થઈને ડોક્ટર બનશે.
પેરન્ટ્સ : સારું, તો શું તે અભ્યાસમાં ખૂબ મહેનત કરી રહ્યું છે?
ટીચર : ના, પણ તેના હેન્ડરાઇટિંગ વાંચવા યોગ્ય નથી.

ઓશી શર્મા, ૭ વર્ષ
લાતુર

શેખર (વિમલને) : સાયન્સ બુકે મેથબુકને શું કહ્યું?
બિમલ : અરે, તારી પાસે એટલી બધી સમસ્યાઓ છે, વાઉ યાર.

અક્કૂ, ૬ વર્ષ
ઉત્તરાખંડ

હાહાહા હાહાહા હીહીહી હીહીહી

ટીચર (વિદ્યાર્થીને) : નિવૃત્તનો શું અર્થ થાય છે?
વિદ્યાર્થી : જો કોઈ વારંવાર ટાયર્ડ થઈ જાય તો તેને નિવૃત્ત કહીશું.

અક્ષિતા કંડારી, ૮ વર્ષ, ગાઝિયાબાદ

Only Books Magazine

કિટ્ટુ (ચિટ્ટુને) : માછલીઓ ખૂબ સ્માર્ટ છે, કેમ? કેવી રીતે?
ચિટ્ટુ : અરે ભાઈ, તે સ્કૂલ (ઝુંડ)માં રહે છે.

વાણી જૈન, ૧૧ વર્ષ,
નવી દિલ્લી

ટીચર (વિદ્યાર્થીને) : તું કાલે સ્કૂલે કેમ નહોતો આવ્યો?
વિદ્યાર્થી : મારા પપ્પા હોસ્પિટલમાં છે? (૭ દિવસ પછી)
ટીચર : શું તારા પપ્પા હજી પણ હોસ્પિટલમાં છે?
વિદ્યાર્થી : હા, તે એક ડોક્ટર છે.

જિગિષા શર્મા ૧૧ વર્ષ, જયપુર

બિટ્ટુ અને મીત થોડાંક ફળ ખરીદ્યા પછી ઘરે પાછા ફરતા હતા. મીતે તરબૂચને નદીમાં ફેંકી દીધું.
બિટ્ટુ : તેં તરબૂચને નદીમાં કેમ ફેંકી દીધું? તેની પાસે માત્ર એક જ હતું જે મેં ખરીદ્યું હતું.
મીત : મને તરબૂચ નથી પસંદ. મને તો તરબૂચ સારા લાગે છે.

જ્યોથિકા જયાન, ૯ વર્ષ,
તિરુનોલવેલિ

એક પ્રસિદ્ધ દોડવીર રાતના સમયે રસ્તા પર ખૂબ ઝડપથી ભાગી રહ્યો હતો. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે તે આટલી ઝડપી કેમ દોડે છે તો તેણે કહ્યું, ''હું એક ચોરનો પીછો કરી રહ્યો છું.''
પૂછનાર : પણ અમને તો તમારી આગળ કોઈ ચોર દોડતો નથી દેખાતો.
દોડવીર : મેં તેને દોડતાં દોડતાં ખૂબ પાછળ મૂકી દીધો છે.

એમ એસ વૈકુંઠ, ૯ વર્ષ
કોલકાતા

બંટી (સીટુને) : કોઈ બિલ્ડિંગ પાસે સૌથી વધારે સ્ટોરીઝ હોય છે?
સીટુ : લાઈબ્રેરી.

અનન્યા રમેશ, ૮ વર્ષ,
મુંબઈ

તમારાં ઉખાણાં, જોક્સ, ચિત્ર કે વાર્તા નામ, ઉંમર અને સરનામું તથા ફોન નં. સાથે લખો :
ચંપક, દિલ્લી પ્રેસ, એ-૪, શ્રીરામ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, વડાલા, મુંબઈ-૪૦૦૦૩૧
ઈમેલ : writetochampak@delhipress.in
અને SMS: 9619587613
ઓનલાઇન મુલાકાત લો :
www.facebook.com/ChampakMagazine
https://www.youtube.com/ChampakSciQ

ડમરુ અને ટૂથબ્રશ

ચિત્રવાર્તા ● શિવેશ શ્રીવાસ્તવ

ડમરુ રોબિન સસલાને ત્યાં કામ કરી રહ્યો હતો.


જો ડમરુ, મેં એક નવો ફોન ખરીદ્યો છે. મેં તેના માટે ૫૦ હજાર રૂપિયા ચૂકવ્યા. તેમાં એક ડબલ કેમેરા, બ્લૂટૂથ, ગુડ રેમ અને મેમરી છે. દરેક વસ્તુ શાનદાર છે.
ઓહ, આનું બ્લૂટૂથ છે.
દરેક ફોનમાં બ્લૂટૂથ હોય છે. અન્ય ફીચર પણ મહત્ત્વના હોય છે.
સારું, મને નહોતી ખબર કે બધા ફોનમાં આ હતું.
SONAL

હવે મારા ફોનને ચાર્જ થવા માટે મૂકી દે અને આ ફોન નવો છે તેથી આને ફુલચાર્જ થવા દે.
હા, હું તેને હમણાં જ ચાર્જ કરી દઈશ.
થોડી વાર પછી
આ તું શું કરી રહ્યો છે?
હું તેના બ્લૂટૂથને બ્રશ કરી રહ્યો છું, જેથી તે સ્વસ્થ રહે અને તેને કોરોના વાયરસ ન થાય.

એક ટૂથબ્રશનો ઉપયોગ આપણા દાંતને સાફ કરવા માટે થાય છે. મોબાઈલફોનને સાફ કરવામાં નહીં. બ્લૂટૂથનો મતલબ એ નથી કે આપણા ફોનમાં દાંત છે.
તમે મને આ બધું પહેલાં જ કેમ ન કહ્યું?
ભાગ અહીંથી. મારો મોંઘો ફોન બરબાદ થઈ ગયો, કારણ કે તેં તેની પર પાણી રેડી દીધું.
શેઠ, મેં તમારા અન્ય ફોન પર પણ બ્રશ કરી દીધું, જેથી કોરોના વાયરસ તમારી નજીક નહીં આવી શકે.
તરત જ ભાગી જા. તેં મારા બધા ફોન ખરાબ કરી દીધા.

ભેટ

વાર્તા • લલિત શૌર્ય

દિવાળીના આગલા દિવસે સાગર ભાઈબીજને લઈને ચિંતિત હતો. હકીકતમાં, તે બહેન પાયલને કોઈ ખાસ ભેટ આપવા ઇચ્છતો હતો, પરંતુ તે શું આપે તે તેની સમજમાં નહોતું આવી રહ્યું.

પાયલ દર વર્ષે સાગરને તેના જન્મદિવસે ખાસ ભેટ આપતી હતી. સાગરને પણ બહેનની ભેટની આતુરતા રહેતી. બરાબર આ જ રીતે સાગર પણ પાયલને ભાઈબીજના દિવસે ભેટ આપતો હતો.

જોકે આ વર્ષે પરિસ્થિતિ થોડી અલગ હતી. કોરોના વાયરસ સંક્રમણના લીધે સાગર બજાર જઈ શકતો નહોતો. આજકાલ તેના પેરન્ટ્સ જરૂરી સામાન લેવા માટે બજાર જતા હતા.

સાગર ઉદાસ અને ચિંતિત ચહેરે સોફા પર બેઠો હતો.

''શું વાત છે સાગર, આજે તું ખૂબ પરેશાન લાગે છે? શું ખાવા માટે મીઠાઈ નથી મળી?'' દાદીમાએ હસતાંહસતાં પૂછ્યું.

''ના દાદીમા, એવી કોઈ વાત નથી. મેં તો સવારથી ખૂબ મીઠાઈ ખાધી છે.'' સાગરે કહ્યું.

''સારું, તો પછી તારો ચહેરો કેમ ઉદાસ છે? નક્કી કોઈ તો વાત છે, જેને તું છુપાવે છે, મને કહે.'' દાદીમાએ આગ્રહ કરતા કહ્યું.

સાગરે કહ્યું, ''દાદીમા, હું ગિફ્ટ બાબતે પરેશાન છું.''

''ગિફ્ટ? કઈ ગિફ્ટ.''

''ભાઈબીજની ગિફ્ટ, તમે જાણો છો કે હું દર વર્ષે પાયલ દીદીને ગિફ્ટ આપું છું. દીદી પણ મને મારા જન્મદિવસે ગિફ્ટ આપે છે ને. જો હું તેને ભેટમાં કંઈ નહીં આપું તો પછી મને પણ મારા જન્મદિવસે ભેટ કેવી રીતે મળશે?'' સાગરે કહ્યું.

''ઓહ, તો તને તારી ગિફ્ટની વધારે ચિંતા છે.'' દાદીમાએ ખડખડાટ હસીને કહ્યું.

''હાહાહા.'' સાગર પણ હસવા લાગ્યો.

''હું કહું તારે શું ગિફ્ટ આપવી જોઈએ?'' દાદીમા બોલ્યા.

''હા જરૂર, મહેરબાની કરીને કહો ને દાદીમા.'' સાગરે કહ્યું.

''ભાઈબીજના પ્રસંગે ભાઈ બહેનના રક્ષણનો સંકલ્પ

Only Books Magazine

લે છે. તારે પણ કોઈ એવી જ ભેટ આપવી જોઈએ, જેથી પાયલને સુરક્ષાનો અહેસાસ થાય. તું તેને સેનેટાઈઝર, ગ્લવ્ઝ અને માસ્ક ગિફ્ટમાં આપી શકે છે. આ બધી વસ્તુ કોરોનાના સંક્રમણને અટકાવવામાં ખૂબ અસરકારક છે.'' દાદીમાએ કહ્યું.

આ સાંભળીને સાગરને થોડું વિચિત્ર લાગ્યું, ''દાદીમા, શું આ વસ્તુ પણ ભેટમાં આપી શકાય.'' સાગરે પૂછ્યું.

''હા, કેમ ન આપી શકાય. આ મહામારીના સમયમાં આપણે આવી જ મદદરૂપ ભેટ આપવી જોઈએ. આપણે કોરોનાથી બચવા માટે બધાને જાગૃત કરવા જોઈએ કે આપણે સૌ સાથે મળીને કોરોના વાયરસના ફેલાવાને કેવી રીતે અટકાવી શકીએ?'' દાદીમાએ કહ્યું.

સાગરે દાદીમાને વહાલથી ભેટીને થેંક્સ કહ્યું. હવે તેની ગિફ્ટની સમસ્યાનો ઉકેલ આવી ગયો હતો.

બીજા દિવસે જ્યારે પપ્પા ઓફિસ જવા લાગ્યા ત્યારે તેણે પોતાના ગલ્લામાંથી તેમને ૫૦૦ રૂપિયા કાઢીને આપ્યા.

''પપ્પા, તમે આ રૂપિયામાંથી દીદી માટે કોઈ સારી ભેટ લઈ આવજો. મારે ભાઈબીજ પર તેને ભેટ આપવાની છે.'' સાગરે કહ્યું.

''સારું, એ તો કહે કે તારે લાવવું શું છે?'' પપ્પાએ પૂછ્યું.

''એક રંગીન માસ્ક, ગ્લવ્સ અને સેનેટાઈઝર.'' સાગરે કહ્યું.

આ સાંભળીને પપ્પાને પણ આશ્ચર્ય થયું, ''અરે, આ બધું કેમ?'' પપ્પાએ પૂછ્યું.

''હું દીદીને ગિફ્ટમાં આપવા માંગું છું, જેથી કોરોના સામે તેમનું રક્ષણ થઈ શકે.'' સાગરે જવાબ આપ્યો.

જવાબ સાંભળીને પપ્પાને પણ સારું લાગ્યું. પછી તેમણે કહ્યું, ''વાહ, હવે અમારો સાગર મોટો થઈ ગયો છે, સાથે સમજદાર પણ ખરો.''

ઓફિસથી ઘરે આવતા પપ્પા બજારમાં ગયા અને સાગરે જણાવેલી વસ્તુ એક સુંદર ચમકદાર ગિફ્ટ રેપરમાં પેક કરીને લાવ્યા હતા.

ભાઈબીજના દિવસે સાગર અને પાયલ બંને વહેલી સવારે નહાઈને, નવા કપડાં પહેરીને તૈયાર થઈ ગયા હતા.

પાયલે સાગરના કપાળ પર તિલક લગાવ્યું અને પોતાને ભાવતી મીઠાઈ કાજુકતરી ખવડાવી. પછી તેની આરતી ઉતારી. સાગરે પાયલને ભેટ આપી.

ભેટ મેળવીને પાયલ ખૂબ ખુશ થઈ. તેણે ગિફ્ટ ખોલીને જોઈ. તેમાં રંગબેરંગી માસ્ક, સેનેટાઈઝર બોટલ અને ગ્લવ્ઝ હતા. આ અનોખી ભેટ મેળવીને પાયલ ખૂબ ખુશ થઈ ગઈ અને ભેટ આપવા બદલ ખરા હૃદયથી તેનો આભાર માન્યો. ●



ઉખાણાં

શું તમે જાણો છો?

૧. મારે એક જ આંખ છે
પણ જોઈ નથી શકતી
હું ખૂબ પાતળી છું,
પણ બધાને ઉપયોગી બનું.

૨. જ્યારે હું નહાઉં છું
નાનો થતો જાઉં છું,
પણ તમારા તન પરથી
ગંદકી દૂર કરું છું.

૩. જ્યારે તમે મને ખરીદો છો
ત્યારે કાળો થાઉં છું,
ઉપયોગમાં લો તો લાલ થાઉં
ફેંકતી વખતે હું થાઉં ધૂંધળો.

૪. મારી વીંટીઓ બને છે
જે સોના જેવી નથી હોતી
પણ જેમ જેમ હું વૃદ્ધ થતો
તે વીંટીઓ મારી ઉંમર જણાવે.

૧. પૃથ્વી પર કેટલા મહાદ્વીપ છે?
(ક) ૩
(ખ) ૭
(ગ) ૫
(ઘ) ૯

૨. એક ક્યૂબ (ઘન)ના કેટલા કિનારા હોય છે?
(ક) ૧૫
(ખ) ૮
(ગ) ૧૨
(ઘ) ૧૬

૩. કઈ ભાષા સાથે સુનામી શબ્દ જોડાયેલો છે?
(ક) સ્પેનિશ
(ખ) ફ્રેન્ચ
(ગ) ઇંગ્લિશ
(ઘ) જાપાની

૪. કયા ગેસને સામાન્ય રીતે લાફિંગ ગેસ એટલે કે હસાવનાર ગેસ તરીકે ઓળખવામાં આવે છે?
(ક) નાઇટ્રસ ઓક્સાઇડ
(ખ) ઓક્સિજન
(ગ) કાર્બન ડાયોક્સાઇડ
(ખ) ઓર્ગન

ઉત્તર (ઉખાણાં) : ૧- સોય, ૨-સાબુ, ૩-પેન્સિલ, ૪-વૃક્ષ.
ઉત્તર (શું તમે જાણો છો?) : ૧-૫, ૨-૧૨, ૩-૧૪, ૪-ક.

રસપ્રદ વિજ્ઞાન

પાણીનું ઘનત્વ જાણો

પાણીમાં એક ઈંડાને ડુબાડો અને તરાવો.

તમારે જોઈએ :

- ૨ કાચા ઈંડા
- એક વાટકી મીઠું
- સાદું પાણી
- એક વાટકી મીઠું
- એક વાટકીમાં આઈસક્યૂબ
- એક મોટી ચમચી

આ રીતે કરો :

1. એક ગ્લાસમાં મીઠું નાખો અને હલાવો.

2. મોટી ચમચીનો ઉપયોગ કરતા એક ઈંડું સાવચેતીથી મીઠાના પાણીમાં નાખો.

3. સાદા પાણીવાળા બીજા ગ્લાસમાં બીજા ઈંડાને મૂકી દો.

4. દરેક ગ્લાસમાં આઈસ ક્યૂબ નાખી દો.

જુઓ :

સાદા પાણીવાળા ગ્લાસમાં ઈંડું ડૂબી જાય છે અને આઈસક્યૂબ્સ તરે છે. પરંતુ મીઠાવાળા પાણીમાં આઈસક્યૂબ્સ અને ઈંડું બંને તરે છે.

વિચારો :

મીઠું ભેળવેલા પાણીમાં ઈંડું અને આઈસક્યૂબ્સ કેમ તરે છે? કોઈ વસ્તુની કોઈ લિક્વિડ એટલે કે પ્રવાહી પદાર્થમાં તરવાની ક્ષમતાને ઉછાળ કહી શકાય છે. ઉછાળ કોઈ વસ્તુના ઘનત્વ પર નિર્ભર કરે છે. એક આપેલી જગ્યામાં એક વસ્તુનું ઘનત્વ તેનું દ્રવ્યમાન છે. એક ભારે ઘનત્વની વસ્તુનો મતલબ છે તેમાં ખૂબ વધારે દ્રવ્યમાનનું હોવું, જ્યારે ઓછા ઘનત્વનો અર્થ છે તેમાં ઓછું દ્રવ્યમાન. ઉદાહરણ માટે એક વસ્તુનું કોઈ લિક્વિડમાં તરવા માટે જરૂરી છે કે તેનું ઘનત્વ તે લિક્વિડથી ઓછું હોવું જોઈએ. અમારા આ પ્રયોગમાં સાદા પાણીવાળા ગ્લાસમાં ઈંડું ડૂબી ગયું કારણ કે તેનું દ્રવ્યમાન પાણીથી વધારે છે. આઈસક્યૂબ્સ પાણીમાં તરે છે કારણ કે તેનું ઘનત્વ પાણીથી ઓછું છે. મીઠું ભેળવેલા પાણીવાળા ગ્લાસમાં ઈંડું તરે છે કારણ કે પાણી ખારું છે. જ્યારે મીઠાને પાણીમાં ઉમેરવામાં આવે છે તો મીઠાના અણુ પાણીના અણુઓની વચ્ચેની જગ્યામાં બેસી જાય છે. તેનાથી પાણીના દ્રવ્યમાન વધી જાય છે અને ઈંડાંની સરખામણીમાં તેનું ઘનત્વ વધી જાય છે. હવે જોકે ઈંડાનું ઘનત્વ ખારા પાણીથી ઓછું થઈ જાય છે તેથી આ તરે છે. આઈસક્યૂબ પણ તરે છે કારણ કે તેનું ઘનત્વ મીઠાવાળા પાણીથી ખૂબ ઓછું થઈ જાય છે.

શોધો :

commons.wikimedia.org

હોટ એર બલૂન્સ એટલે કે ગરમ હવાવાળા ફુગ્ગા કેવી રીતે તરે છે? જ્યારે હવાને ગરમ કરવામાં આવે છે ત્યારે તેના અણુ ઝડપથી ફરવાનું શરૂ કરે છે અને તેના લીધે તેમની વચ્ચે અંતર વધી જાય છે. જ્યારે તે અંતર વધે છે, ત્યારે ગરમ હવાનું ઘનત્વ ઓછું થતું જાય છે અને ઠંડી હવાનું ઘનત્વ વધે છે. તેનાથી ફુગ્ગાને વધારે ઉછાળ મળે છે જે તેને ઉપરની તરફ ધકેલે છે અને ફુગ્ગો ઉપરની તરફ ઉછળીને ઊડવા લાગે છે.

તમારા અધિકાર જાણો

૨૬ નવેમ્બરે ભારતમાં બંધારણ દિવસ ઉજવાય છે. તેને ભારતમાં બંધારણ અધિગ્રહણ એટલે કે અપનાવવા રૂપે ઊજવવામાં આવે છે. બંધારણ અધિકારો, નિયમો અને કાયદાનો એક સમૂહ છે જેનું આપણે પાલન કરે છે. નીચેના ચિત્રને જુઓ અને વાસ્તવિક અધિકારોની ઓળખ કરો જે આપણને દેશના નાગરિક હોવાના નાતે મળેલો છે.

રાત્રે મોડી રાત સુધી બહાર રહેવાનો અધિકાર.

પર્યાવરણ સ્વચ્છ રાખવાનો અધિકાર.

જંકફૂડ ખાવાનો અધિકાર.

શિક્ષણ મેળવવાનો અધિકાર.

ભાષણ આપવાનો અધિકાર.

ઉદ્દંડતા કરવાનો અધિકાર.

સમાનતાનો અધિકાર.

યોગ્ય ચિકિત્સા પ્રાપ્તિનો અધિકાર.

સાંભળવાનો અધિકાર.

જવાબ છેલ્લા પાના પર છે.

પહાડ સાથે મુલાકાત

વાર્તા • ડો. કે. રાની



''અસહ્ય ગરમી હતી. ગરમીના લીધે દરિયામાંથી ખૂબ ઝડપથી બાષ્પ બની રહી હતી અને સતત તેમાંથી વાદળ બની રહ્યા હતા. તે હવા સાથે ઊડવા લાગ્યા હતા. વાદળના સમૂહમાં એક નાનો વાદળનો ટુકડો પણ સામેલ હતો. જેવો નાના વાદળનો ટુકડો આકાશમાં પહોંચ્યો. તેની નજીક ટહેલતા મોટા વાદળે પૂછ્યું, ''તું ક્યાં જાય છે?''

''હું બસ ચારેય બાજુ ફરવા ઇચ્છુ છું.'' નાના વાદળે જવાબ આપ્યો.

''એટલી પણ શું ઉતાવળ છે? થોડી વાર અમારી સાથે વાતો કરીને જજે.''

''મારે દુનિયા ફરવી છે. કૃપા કરીને મને જવા દો, કારણ કે આકાશમાં ઊડતા પૂરી દુનિયાને જોઈને ખૂબ ખુશ છું.'' નાના વાદળે જવાબ આપ્યો.

''શું એકલા જવામાં તને ડર નહીં લાગે? તું મારી વાતને ધ્યાનથી સાંભળ અને ઉતાવળ ન કર. આપણે હળીમળીને એકસાથે રહેવું જોઈએ. તેનાથી આપણી એકતા જળવાઈ રહે છે અને આપણે કામ પણ સમયસર પૂરું કરી લઈએ છીએ.'' મોટા વાદળે તેને સમજાવતા કહ્યું.

''તમે મારી ચિંતા ન કરો.'' નાના વાદળે કહ્યું.

''અમે તારી ચિંતા કેમ ન કરીએ? આપણે એક જ પિતાના સંતાન છીએ. જો આપણામાંથી કોઈ એક ગાયબ થઈ જાય છે, તો આપણામાંથી કોઈને નથી ગમતું.''

''કોઈનામાં એટલી હિંમત નથી કે મારું અસ્તિત્વ મિટાવી દે. એક દિવસ તમે જોશો, હું સકુશળ તમારા બધા પાસે પાછું આવીશ.''

''હું તે માટે પ્રાર્થના કરું છું કે તે સાચું સાબિત થાય.'' નજીકમાં હવામાં તરતા ગ્રે વાદળે કહ્યું.

''તું પ્રાર્થના કેમ કરે છે.'' નાના વાદળે પૂછ્યું.

''ક્યાંક રસ્તામાં કોઈએ તને રોકી લીધું તો શું થશે? આપણે સાથે રહીએ છીએ તો કોઈ ને કોઈ બચી જાય છે અને આ રીતે આપણે વાદળના અસ્તિત્વને ટકાવીએ છીએ.'' મોટા વાદળે કહ્યું.

''મને રોકવાની તાકાત કોઈનામાં નથી.'' નાના વાદળે ઘમંડમાં કહ્યું.

''ગ્રે વાદળ તેના ભોળપણ પર હસ્યું અને બોલ્યું, એવું ન બોલ. આપણને રોકવાની હિંમત કોઈનામાં તો છે.''

''તે કોણ છે?'' નાના વાદળે પૂછ્યું.

''જ્યારે તું તેને મળીશ તો તને જાતે ખબર પડી જશે.''

''ત્યારની વાત ત્યારે જોઈશું. અત્યારે તો હું જાઉં છું'' નાનું વાદળ એટલું બોલીને ઘમંડમાં તરત ત્યાંથી જતું રહ્યું.

હવા સાથે આકાશમાં ઊડવાની તેને ખૂબ મજા આવતી હતી. તેણે પૃથ્વી પર છોડ અને જંતુ જોયા. બધા ખૂબ નાના દેખાતા હતા. આકાશમાં ઊડતી પતંગોએ તેને ખૂબ ખુશ કર્યું અને તે તેમનાથી પણ ઊંચે ઊડવા લાગ્યું.

અસહ્ય ગરમીએ છોડ અને પ્રાણીઓને પરેશાન કરી મૂક્યા હતા. તે વરસાદની આશામાં આકાશ સામે જોતા રહ્યા.

અચાનક આ નાનું વાદળ જેવું સત્યાવન ઉપરથી ઊડ્યું, થોડી વાર માટે સૂર્યની ગરમીથી જીવજંતુએ રાહતનો શ્વાસ લીધો. તેમણે ઉપર જોયું તો વાદળનો એક ટુકડો સૂરજની સામેથી પસાર થઈ રહ્યો હતો. તેને જોઈને બધા ખુશ થઈ ગયા. વનના સૌથી ઊંચા ઝાડે જોરથી ચીસ પાડી, ''વાદળ ભાઈ, પ્લીઝ, થોડી વાર અહીં ઊભા રહો. તમારા લીધે અમને ગરમીથી રાહત મળી રહી છે.''

નાના વાદળે હસીને કહ્યું, ''ભાઈ, હું એક મુસાફર છું અને પૂરી દુનિયા ફરવા નીકળ્યો છું. હું અહીં કેવી રીતે રોકાઈ શકું.''

''તમે અમને બળબળતા તડકાથી થોડી વાર માટે રાહત આપી શકો છો. અમે બધા તમારા આભારી રહીશું.'' ઝાડે પ્રાર્થના કરી.

''ના ભાઈ, હું આટલી વાર અહીં ન રોકાઈ શકું?'' નાના વાદળે જવાબ આપ્યો.

''સારું, તો તમે અમને થોડાક વરસાદથી નવડાવી શકો છો?'' ઝાડે પૂછ્યું.

''મારા મતે અહીંની મોસમ અત્યારે વરસાદને અનુકૂળ નથી.''

''આ શું કહો છો? વન આ રીતે જ તો બને છે. દર વર્ષે આ સમયે અહીં વરસાદ આવે છે.'' ઝાડ બોલ્યું.

''મને વિશ્વાસ છે કે થોડો ઘણો વરસાદ પડશે, થોડુંક ધ્યાનથી વનને નજીકથી જો. તું તો અહીં વર્ષોથી ઊભું છે.

''આ વનમાં ઝાડની સંખ્યા પૂરતી નથી. તને ખબર હોવી જોઈએ કે વાદળોને વરસવા માટે ઝાડ આકર્ષિત કરે છે.'' નાના વાદળે સમજાવતા કહ્યું.

''તારી વાત સાચી છે. પહેલાંની સરખામણીમાં અહીં ઝાડની સંખ્યા ઘટી ગઈ છે. શું તમે અમને કોઈ સૂચન આપી શકો છો કે અમારે શું કરવું જોઈએ?'' ઝાડે પૂછ્યું.

''તમારે તમારા વનની હરિયાળી વધારવી પડશે, ત્યારે તમે વાદળોને તમારી તરફ આકર્ષિત કરી શકો છો.'' નાના વાદળે કહ્યું અને હવા સાથે ઊડી ગયું.

વનવાસી તેને ઉદાસ મને તેને જતા જોઈ રહ્યા હતા. નાનું વાદળ થોડી વારમાં હર્ષિત વન નામક જંગલ ઉપરથી પસાર થઈ રહ્યું હતું. આ વનના રહેવાસી પણ ગરમીથી બેહાલ હતા. આકાશમાં નાના વાદળના ટુકડાને જોઈને ત્યાંના છોડ અને પ્રાણી ખૂબ ખુશ હતા.

એક વિશાળ ઝાડની ઊંચી ડાળી પર બેઠેલું બિગ્ગી બાજ બોલ્યું, ''આપણને ગરમીથી છુટકારો અપાવવા માટે વાદળ અહીં આવી રહ્યું છે. તે નક્કી અહીં પાણી વરસાવીને જશે.'' તેણે વાદળને ઊંચા અવાજે બોલાવ્યું, ''વાદળ ભાઈ, તમને જોઈને અમે બધા ખૂબ ખુશ છીએ. અમારા વનમાં તમારું સ્વાગત છે?''

''ધન્યવાદ, પણ મને સમજાયું નહીં કે મારા આવવાથી કઈ નવી વાત થઈ ગઈ.'' નાના વાદળે મૂંઝવણમાં પૂછ્યું.

''ઓહ, તમે તો ઊડતા જાઓ છો. થોડી વાર ઊભા તો રહો. બે મિનિટ વાત કરીએ. તમને ખબર નથી અમે કયારથી તમારી રાહ જોઈએ છીએ.'' બિગ્ગીએ નિવેદન કર્યું.

''એવું કેમ?''

બિગ્ગી બોલ્યો, ''અમે બધા ગરમીથી બેહાલ છીએ. પ્લીઝ, અહીં થોડું પાણી વરસાવી દો.''

''વરસાદ માટે તો તમારે હજી થોડા દિવસ વધારે રાહ જોવી પડશે. મને અફસોસ છે કે હું હવે અહીં નહીં રોકાઈ શકું.'' નાના વાદળે કહ્યું.

''પણ વાદળ ભાઈ, તમે અમારી મદદ કેમ નથી કરી શકતા? તમે જોઈ શકો છો કે અમે પાણી માટે કેટલા તરસીએ છીએ.'' બિગ્ગી બોલ્યું.

આકાશમાંથી ધરતી સુંદર દેખાતી હશે.'' ઝાડે કહ્યું.

''હા, ખૂબ સુંદર દેખાય છે. ખાસ તો આ પહાડ ખૂબ સુંદર લાગે છે. મને લાગે છે કે હવે હું આગળ નહીં જઈ શકું.'' નાના વાદળે કહ્યું.

''આ વનમાં એટલા વૃક્ષછોડ નથી કે તે મને હવાની સાથે જતા રોકી શકે અને હું અહીં થોડી વાર રોકાઈને વરસવા મજબૂર થઈ જાઉં.''

''તો શું તેનો એ અર્થ છે કે અમારે આ જ રીતે ગરમીમાં વરસાદ માટે તરફડવું પડશે?'' બિગ્ગીએ નિરાશ થઈને પૂછ્યું.

''હા બિગ્ગી, વરસાદ આવે ત્યાં સુધી તો તારે આ બધું સહન કરવું પડશે.'' એટલું કહીને ખુશીખુશી નાના વાદળનો ટુકડો હવા સાથે આગળ વધી ગયો.''

થોડા દિવસ વીતી ગયા હતા. વાદળનો ટુકડો આ રીતે એકલો આકાશમાં ટહેલતો મોજમસ્તી કરી રહ્યો હતો. એક દિવસે ઊડતા ઊડતા તે એક પહાડી જગ્યા પર પહોંચ્યો. પહાડ લીલીછમ ઝાડીઓ અને ઝાડથી ઢંકાયેલો હતો.

ઝાડ પર અનેક પક્ષીએ પોતાના માળા બનાવ્યા હતા. તે ઝાડ પર બેસીને મધુર ગીત સંભળાવી રહ્યા હતા. વાદળને આ બધું જોઈને ખૂબ સારું લાગ્યું. તે તેમના મીઠા ગીત સાંભળવા માટે થોડું નીચે આવી ગયું અને થોડી વાર માટે રોકાઈ ગયું. તેને જોઈને તે પણ ખુશ હતા. જૂના ઉંમરલાયક દેવદારના ઝાડે તેને પૂછ્યું, ''વાદળ ભાઈ, તમે એકલા ક્યાં જાઓ છો?''

''ઓહ હું તો દુનિયાની સહેલ માટે નીકળ્યો છું.''

''આ તમે ખૂબ સારું કામ કરી રહ્યા છ.

''એવું કેમ કહો છો.''

''આ વનની હરિયાળી અને સુંદરતાએ મને બાંધી લીધું છે. મારી ઇચ્છા છે કે હું અહીં વરસી જાઉં અને તમારા બધાની તરસ છિપાવું.''

''આ તો ખૂબ સારો વિચાર છે.'' ઝાડ સહમત થયું.

''આ પહાડ છે જ એટલો વહાલો કે તમારા બધા સાથે પાણી બનીને અહીં રહેવા લાગું.'' એટલું કહેતા વાદળ પહાડ પર ધોધમાર વરસવા લાગ્યું અને હવામાં ગાયબ થઈ ગયું. વાદળ પાણી બનીને આ પહાડની માટીમાં સમાઈ ગયું હતું. અત્યારે તેને ગ્રે વાદળની વાત યાદ આવી રહી હતી.

પહાડ પર અચાનક થયેલા વરસાદના લીધે બધાના ચહેરા ખીલી ગયા હતા. જ્યારે નાના વાદળનો ટુકડો કેટલાય દિવસ સુધી પાછો ન આવ્યો તો તેના સાથી સમજી ગયા કે નક્કી તેની મુલાકાત કોઈ પહાડ સાથે થઈ છે. છેલ્લા વાદળના ટુકડાએ પોતાનું કામ સૌથી પહેલા પૂરું કરીને ધરતીની તરસ છિપાવી હતી. ●



વિશ્વ શૌચાલય દિવસ

૧૯ નવેમ્બરે વિશ્વ શૌચાલય દિવસ છે. આ દિવસે ૪.૨ અબજ લોકો જેમની પહોંચ સ્વચ્છ શૌચાલય સુધી નથી, તેમાં જાગૃતિ લાવવા માટે શૌચાલય દિવસ ઉજવાય છે. નીચેના ચિત્રને જુઓ અને યોગ્ય કામ પર વર્તુળ કરો.

સીમા શૌચ કરી લીધા પછી શૌચાલયનું ફ્લશ ચલાવે છે.

રાહુલ ખુલ્લામાં પેશાબ કરે છે.

અદિતિ શૌચાલયનો ઉપયોગ કરી લીધા પછી પોતાના હાથ ધુએ છે.

ચંચળ અટળક ટોઇલેટ પેપરનો ઉપયોગ કરે છે.

સમીર એક જાહેર શૌચાલયનો ઉપયોગ કરે છે પણ તેને સાફ નથી રાખતો.

સાહિલ ટોઇલેટ પેપરનો ઉપયોગ કર્યા પછી ફરસ પર ફેંકી દે છે.

જ્યારે અજય જાહેર શૌચાલયમાં જાય છે ત્યારે તે પોતાની લાઈનમાંથી કૂદીને આગળ જાય છે.

શ્રેયા શૌચ કર્યા પછી પોતાના હાથ સાબુથી નથી ધોતી.

શૌચાલયને હંસિકા ઉપયોગ કર્યા પછી સ્વચ્છ રાખે છે.

જવાબ છેલ્લા પાના પર છે.

ચીકૂ

ચિત્રવાર્તા • દાસ



ચાલો, જંગલની સફર કરવા જઈએ.
હું પણ સાથે આવીશ.

ના, તું અમારી સાથે ન આવી શકે. જંગલ જોખમથી ભર્યું છે અને તું ડરી જઈશ અને પૂરી મજા બગાડીશ.
હું ડરપોક નથી.

ચીકાને સાથે આવવા દે. હું ત્યાં રહીશ અને તેનું ધ્યાન રાખીશ.

સારું, પણ ચીકા, તારે રસ્તેથી ભટકવાનું નથી. હંમેશાં અમારી આસપાસ રહીને ચાલવાનું છે.
હું કેમ ભટકું? હું તો તમારા બધાની પાછળ ચાલીશ.

તેઓ જંગલ તરફ જવા લાગ્યા.
તે આટલી ઝડપથી ચાલી રહ્યા છે. હું તેમની સાથેસાથે કેવી રીતે ચાલું?

ચીકા, તું પાછળ કેમ રહી ગઈ? જલદી ચાલ.
મેં તને કહ્યું હતું કે તેને આપણી સાથે લાવવામાં મજા નહીં આવે.

અચાનક તેમને એક સિંહની ગર્જના સંભળાઈ.
અરે, આ અવાજ તો ડરામણો હતો.
જો, તે ડરી ગઈ.

ચાલો, આપણે જંગલની બહાર ખુલ્લા મેદાનથી આગળ જઈએ.
હા, આપણે એ જ કરીએ.

તેઓ ખુલ્લા મેદાનમાં આવી ગયા.
મને તરસ લાગી છે. મારે પાણી પીવું છે. તમે આગળ ચાલતા રહો. હું થોડું પાણી પીને તમારી સાથે આવી જઈશ.
મારા મતે આ જગ્યા સલામત છે. થોડી વાર અહીં બેસીએ. હું થાકી ગયો છું.

ચાલો, ત્યાં બેસીએ.

તેઓ એક વિશાળ ખડક પર બેસી ગયા.

આ ખડક તો આગળ ચાલી રહ્યો છે. મીકુ, શું તેં ધક્કો માર્યો?

હું? શું તને લાગે છે કે હું આ વિશાળ ખડકને ધક્કો મારીને આગળ ધકેલી શકું છું?

આ એક ખડક નહોતો, પણ એક નિંદ્રાધીન ગેંડો હતો.

મારી પર બેસવાની તારી હિંમત કેવી રીતે થઈ?

ગેંડાએ ચીકૂ અને બિટ્ટુને પકડી લીધા. મીકુ ભાગી રહ્યો હતો, પણ તેની પૂંછડી ફસાઈ ગઈ.

અરે, હું ભાગી નથી શકતો.

ચીકા પાછી આવતી હતી ત્યારે તેણે ગેંડાને જોયો.

અરે, મારા સાથી તો જોખમમાં છે. હું શું કરું? તેમને કેવી રીતે બચાવું?

હું ગેંડા સામે લડવામાં મજબૂત નથી, પણ હું તેની સાથે વાત તો કરી જ શકું છું.

ચીકા ગેંડા પાસે ગઈ.

હે મહાન ગેંડા, તમે અપરાજિત છો. તમને હરાવી ન શકાય. પ્લીઝ, તમે તેમને છોડી દો.

તું કોણ છે?

હું તેમની બહેન છું. તેઓ કંઈ નથી, માત્ર મુસીબત છે અને તમારા માટે તેમનું કોઈ જ મહત્ત્વ નથી.

હમ્મ... કેટલી દયાળુ બહેન છે. તે મારી પાસે બહાદુરીથી પોતાના ભાઈઓના જીવ બચાવવા વાત કરવા આવી છે. સારું, હું બધાને છોડી દઉં છું. મને ફરી ક્યારેય પરેશાન ન કરતા.

તેમણે ફરી ભાગવાનું શરૂ કર્યું.

હું જાણતો હતો, ચીકા બહાદુર છે.

ખરેખર, તું જ તો એક છે, જે ભાગી રહ્યો હતો. હા. હા. હા.

કુક્કીનો વિજય

વાર્તા • સ્નિગ્ધા શ્રીવાસ્તવ

ચંદનવનમાં આ વર્ષે દુકાળ પડ્યો હતો, જેથી મોટાભાગના પશુપક્ષી અને પ્રાણીઓ અલગઅલગ જંગલમાં રહેવા માટે જતા રહ્યા હતા. કુક્કી કોયલ પણ પોતાના પરિવાર સાથે નજીકમાં આવેલા જંગલમાં રહેવા માટે આવી હતી.

કુક્કી કોયલ શરમાળ પણ ખૂબ હોશિયાર

હતી. નવી સ્કૂલમાં પહોંચ્યા પછી તેની કેટલીય ફ્રેન્ડ્સ બની ગઈ હતી.

સ્કૂલમાં ગૌરા નામની એક કબૂતરી હતી, જે ખૂબ ઘમંડી હતી. દરેક સમયે બીજાની મજાક ઉડાવવી તેની ટેવ હતી. જ્યારે ગૌરાએ જોયું કે કુક્કીની કેટલીય નવી ફ્રેન્ડ્સ બની રહી છે તો તેને મનોમન ઈર્ષા થઈ. તે હંમેશાં કુક્કીને બીજાની સામે નીચું બતાવવાની ફિરાકમાં રહેતી હતી. તે ક્યારેક કુક્કીના કાળા રંગની મજાક ઉડાવતી તો ક્યારેક તેના મૌનના લીધે તેને ડરપોક કહીને ચિડવતી, પણ કુક્કી કંઈ ન કહેતી તે ચુપચાપ હસી લેતી.

થોડા અઠવાડિયા પછી કુક્કીનો જન્મદિવસ હતો. તો તે કેટલીય ચોકલેટ લઈને આવી અને સ્કૂલમાં પોતાની ફ્રેન્ડ્સને વહેંચી. ગૌરાએ પણ ચોકલેટ લેતા કહ્યું, ''અમને પહેલાં કહ્યું હોત તો અમે તારા માટે કોઈ ભેટ પણ લાવતા.'' ગૌરાના મોંથી આ વાત સાંભળીને બધા આશ્ચર્યચકિત હતા.

બીજા દિવસે સોનેરી કાગળમાં લપેટેલી ભેટ લાવીને ગૌરાએ કુક્કીને આપી અને કહ્યું, ''હું ઈચ્છુ છું કે તું આ ભેટ બધી ફ્રેન્ડ્સ સામે ખોલે.''

જ્યારે બધી ફ્રેન્ડ્સ આવી ગઈ, ત્યારે ખૂબ ઉત્સુકતાથી કુક્કીએ ભેટ ખોલી. ડબ્બાની અંદર એક સાબુ અને ફેરનેસ ક્રીમ મૂકેલા હતા. કુક્કીની આંખમાં આંસુ આવી ગયા, પરંતુ ગૌરા તો ખૂબ ખુશ હતી. હવે તે જોરજોરથી હસતાંહસતાં બેવડ થઈ રહી હતી.

બધી ફ્રેન્ડ્સે કુક્કીને ઈંટનો જવાબ પથ્થરથી આપવાનું કહ્યું, પણ કુક્કી મૌન રહી અને કંઈ ન બોલી. ફ્રેન્ડ્સે પણ જ્યારે ગૌરાને ઠપકો આપવા ઈચ્છ્યો તો કુક્કીએ તેમને પણ રોકી. કુક્કીએ કહ્યું, ''મારી મા કહે છે કે ક્યારેક-ક્યારેક એક મૌન સો મુસીબતને ટાળે છે. આપણા બોલવાથી તો વધારે સ્થિતિ બગડશે, તેનાથી સારું છે કે આપણે ચુપ રહીએ.

ગૌરાના ઘમંડી સ્વભાવના લીધે બધા તેનાથી દૂર થતા ગયા અને કુક્કીના પ્રેમાળ વ્યવહારથી બધા તેની સાથે ફ્રેન્ડશિપ કરવા લાગ્યા. પછી તો ગૌરા બિલકુલ એકલી પડી ગઈ, તેમ છતાં તેના ઘમંડમાં કોઈ કમી ન આવી.

થોડા દિવસોમાં સ્કૂલનો વાર્ષિકોત્સવ આવી ગયો, જેમાં શિક્ષકો દ્વારા એક સંગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. કુક્કીને સ્પર્ધામાં નામ લખાવતા જોઈને ગૌરા ઉત્સાહમાં આવી ગઈ અને તેણે પણ પોતાનું નામ લખાવી દીધું.

સ્પર્ધાના દિવસે જેવું ગૌરાનું નામ બોલવામાં આવ્યું, તે સ્ટેજ પર જઈને માઈક સામે ઊભી થઈ ગઈ અને બેસુરા અવાજમાં ગાવા લાગી.

સ્કૂલના બધા બાળકો પેટ પકડીને ખડખડાટ હસવા લાગ્યા. 'ગૌરા હાય' કહીને બૂમો પાડવા લાગ્યા. ગૌરા કોઈ રીતે પોતાનું ગીત પૂરું કરીને સ્ટેજ પરથી નીચે આવી.

થોડા સમય પછી જેવું કુક્કીએ સ્ટેજ પર ગાવાનું શરૂ કર્યું તો પૂરો હોલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઊઠ્યો. બાળકોના આગ્રહ પર કુક્કીએ ફરી ગીત સંભળાવવું પડ્યું. કુક્કીનો સુરીલો, મધુર અવાજ પર બધા ઝૂમી રહ્યા હતા.

ગૌરા મનોમન પોતાની જાત પર શરમ અનુભવી રહી હતી. આજે તેને પોતાની ભૂલનો અહેસાસ થઈ ગયો હતો. તે હવે સમજી ગઈ હતી કે માત્ર રંગરૂપ બધું નથી હોતું. બધાનો પ્રેમ મેળવવા માટે સારા ગુણ અને સારા વ્યવહારનું હોવું પણ જરૂરી છે.

કુક્કી ગીત ગાઈને સ્ટેજ પરથી નીચે આવી ત્યારે ગૌરાએ તેની પાસે જઈને તેની માફી માંગી અને તે દિવસથી ગૌરા પણ કુક્કીની ફ્રેન્ડ્સમાં સામેલ થઈ ગઈ. ●

ટપકાં જોડો

અંક પ્રમાણે ટપકાં જોડો અને ચિત્ર પૂરું કરો.



કિમીની દોસ્ત

વાર્તા • સુધા ગોસ્વામી

જ્યારે કિમી યમીના ઘરે આવી. બધા લોકોએ ખુશ થઈને ઉષ્માભેર તેનું સ્વાગત કર્યું. કિમી ખૂબ જ વહાલી હતી.

પરંતુ તેનું તન જોઈને યમી ડરી ગઈ હતી, કારણ કે તેની જાત થોડી ડરામણી હતી.

''ગ્રેડડેન જાત આવી જ હોય છે.'' પપ્પાએ જણાવ્યું.

''તમે લોકો તેનો ચહેરો ન જુઓ. જ્યારે તે તમારી સાથે હળીમળી જશે, ત્યારે તમને ડર નહીં લાગે.'' મા બોલી.

યમીએ તેને સ્પર્શવાનો પ્રયાસ કર્યો, તો તે ભસવા લાગી. તેના અવાજથી તે ફરી ડરી ગઈ.

''ઘણી ડરપોક છે ભાઈ તું, જો હું તેને સ્પર્શીને બતાવું છું.'' કહીને પપ્પાએ તેને પોતાના ખોળામાં ઉઠાવી લીધી. કોણ આવ્યું છે?'' મિતીએ પૂછ્યું,

મિતી યમીની પાડોશી અને ફ્રેન્ડ હતી. તેને પણ કૂતરાથી ડર લાગતો હતો. પછી કિમીની હાજરીએ તેને પણ ડરાવી દીધી હતી.

''ઓહ, આ ખતરનાક છે? તેનાથી દૂર જ રહે, ક્યાંક બચકું ન ભરી લે?'' તેના દાદીમા બોલ્યા.

''ના દાદીમા, આ બચકું નથી ભરતી. પપ્પાએ હમણાં જ તેને ઉઠાવી હતી.''

''ના, ના, પ્રાણીઓનો કોઈ ભરોસો નથી હોતો. શું ખબર ક્યારે તેનો મિજાજ બદલાઈ જાય અને તે બચકું ભરી લે. ત્યારે તમારે ઇંજેક્શન લગાવવા પડશે.'' બબડતાં દાદીમા બોલ્યા.

બાળકો આ વાતથી મૂંઝવણમાં હતા કે શું કરવું? કિમીને પાલતુ પ્રાણી રૂપે રાખવી કે પાછી આપવી?

''ડરીશ નહીં બાળકો, હું આને ઉછેરવામાં તારી મદદ કરીશ. હું સવારસાંજ આને સહેલ કરાવવા લઈ

જઈશ.'' પપ્પાએ કહ્યું તો યમી ખુશ થઈ ગઈ.

''બસ, એ વાતનું ધ્યાન રાખજો કે જ્યારે તે ખાતી કે આરામ કરતી હોય તો તેને પરેશાન ન કરવી.'' માએ સમજાવતા કહ્યું.

''સારું મા.'' યમીએ કહ્યું અને પછી તેની પીઠ પર હાથ ફેરવ્યો. તે પણ પૂંછડી હલાવવા લાગી.

હવે યમીનો ડર દૂર થઈ ગયો હતો. યમી અને કિમી તે દિવસથી સારા ફ્રેન્ડ બની ગયા. યમીની મમ્મી, સ્કૂલે જતા કિમીનું ધ્યાન રાખતી. થોડા દિવસ પછી તે ખૂબ હેલ્થિ થઈ ગઈ અને પાડોશના કૂતરાથી ખૂબ મોટી થઈ ગઈ.

બધા તેનાથી ખુશ હતા. તેમનું પણ મન લાગી જતું હતું અને યમીને એકલતા પણ નહોતી લાગતી.

કિમીનો રંગ પણ કાબરચિતરો અને આછો ગુલાબી હતો. જ્યારે તે દોડતી તો એવું લાગતું જાણે હરણ દોડી રહ્યું હોય.

યમી કહેતી, ''કિમી તારી બકરી જેવી ખાલ અને હરણ જેવી ચાલ છે.''

યમી કિમી સાથે ખૂબ દોડતી, મહોલ્લાના બધા બાળકો પણ તેની સાથે ભાગ્યા. તેની પાતળી કમર અને પેંડુલમની જેમ હલતી પૂંછડી જોઈને તે ખૂબ હસતી. કિમીને ઊંઘ પણ ખૂબ ઓછી આવતી હતી. થોડોક અવાજ આવતા તે એલર્ટ થઈ જતી અને ખૂબ ભસતી.

તેના અવાજથી ખબર પડી જતો કે કોઈ આવ્યું છે. તેમને ચોરી થવાનો ડર પણ નહોતો. એક લાભ એ થયો કે બિલાડીઓની આવ-જા બંધ થઈ ગઈ. બિલાડીનો અવાજ સાંભળતા જ તેમની પર હુમલો કરતી, જ્યારે બાજુના ઘરમાં બિલાડીઓએ બધાના નાકમાં દમ લાવી દીધો હતો. એક વૃદ્ધ બિલાડી પોતાના બચ્ચા સાથે છત પર જતી અને દરરોજ એક કબૂતર કે પક્ષીનો શિકાર કરતી અને પછી બાલકનીમાં બેસીને મજાથી ખાતી. તેના પેરેન્ટ્સે તેમને ભગાડવાનો પ્રયાસ કર્યો પણ બધું બેકાર થઈ ગયું હતું.

પરંતુ યમીએ તેમની આ સમસ્યા સહેલાઈથી ઉકેલી. તેણે પોતાની વહાલી કિમીને છતના દરવાજે બાંધી દીધી અને હવે તો બિલાડી પણ આવતા ડરતી હતી. જેવી તે આવી, તે તેમની ઉપર હુમલા માટે લપકી અને જોરજોરથી ભસવા લાગી.

સાંજે જ્યારે બધા લોકો ગાઢ નિંદ્રામાં ઊંઘતા હતા. તેના અવાજથી ઊઠીને બહાર આવ્યા, જોયું તો બિલાડી પોતાના બચ્ચા સાથે ખૂબ દૂર જતી રહી હતી.

તેમણે યમીને ધન્યવાદ આપ્યા અને કિમીને પ્રેમથી થપથપાવી. દાદીમાને પણ ગમ્યું અને કહ્યું તે હવે તેનાથી નહીં ડરે. તેમણે બધાને પ્રાણીઓને પ્રેમ કરવા કહ્યું.

હવે યમીની ફ્રેન્ડને પૂરા મહોલ્લાવાળા વહાલ કરતા હતા. ●



આ ચિત્રમાં કેટલાક ભાગ ખાલી રહી ગયા છે. ચિત્રને જુઓ, તેને પૂરું કરો અને પછી તેમાં રંગ પૂરો.

ચિત્ર પૂરું કરો



છૂપાં ચિત્ર શોધો

સારા અને તેના મિત્રો પેસ્ટ્રી શોપ પર છે. શોપમાં ૧૦ બ્લૂબેરી મફ્ફિન એટલે કે રોટલી છુપાઇ છે. તેને શોધો

જવાબ છેલ્લા પાના પર છે.

ટોયલેટ રોલ સ્ટેમ્પ્સ

પલક શાહ

સ્માર્ટ

૧૯ નવેમ્બરે વર્લ્ડ ટોયલેટ ડે છે. ટોયલેટ રોલ્સનો ઉપયોગ કરતા કેટલાક આશ્ચર્યજનક સુંદર સ્ટેંપ્સ બનાવો.

તમારે જોઈએ : ખાલી ટોયલેટ સેલ્સ, કાતર, એક્રેલિક પેઇન્ટ્સ, પેઇન્ટ બ્રશ, ચાર્ટપેપર, પેપર કટર, રબરબેંડ્સ.

આ રીતે બનાવો :

1. ટોઇલેટ રોલના એક છેડે સમાન લંબાઇના પરિઘ પર ચારેબાજુ પટ્ટીઓ કાપી લો. ફૂલનો આકાર બનાવવા માટે પટ્ટીને બહારની તરફ વાળી દો.

2. એક રોલને પેપર કટરની મદદથી અડધું કાપો. તમારા અંગૂઠાની મદદથી ટ્યૂબ એટલે કે રોલના એક અડધા ભાગને વચ્ચેથી દબાવો જેથી દિલનો આધાર બને.

3. રોલને ચારેબાજુ એક રબરબેંડ બાંધી દો જેથી દિલનો આકાર જળવાઇ રહે.

4. રોલના બીજા અડધા ભાગને આંગળીઓથી દબાવીને તારાનો આકાર આપવામાં ઉપયોગ કરો.

5. કાતરનો ઉપયોગ કરો અને રોલના પરિઘની ચારેબાજુ ૬ પહોળી પટ્ટીઓ કાપી લો, તેને બહારની તરફ વાળો અને કિનારીને ગોળાકાર રૂપ આપીને કાપો જેથી ફૂલ બની શકે.

6. સ્ટેમ્પ્સ બનીને હવે તૈયાર છે.

7. તેની પર એક્રેલિક કલર લગાવી દો અને સુંદર પ્રિન્ટ્સ બનાવો.

તમારા ઘરે આ જાતે બનાવવાનો પ્રયત્ન કરો. અમને તમારી એન્ટ્રિ.
writetochampak@delhipress.in અથવા એક ફોટો પાડીને + ૯૧ ૯૬૧૯૫૮૭૬ પર મોકલી દો.

દિશા બતાવો

પ્રાણીઓ પર એક વર્તુળાકાર બનાવો જેમના ચહેરાના ભાવ જમણી બાજુ છે અને જે પ્રાણીના ચહેરાના ભાવ ડાબે છે, તેમને કોસ કરી દો. શું તમે કોઈ પ્રાણીને જોઈ રહ્યા છો. જેમનો ચહેરો ઉપર કે નીચેની તરફ હોય? તે કેટલા છે?



જવાબ છેલ્લા પાના પર છે.

આળસુ

વાર્તા • પૂનમ પાંડે

મોનુનો જાગવાનો સમય થઈ ગયો હતો, પણ તે પોતાની આળસ નહોતો છોડી શકતો.

''ઓહ, જો આ આળસ મારી જાદુઈ તાકાત બની જતી તો મારું બધું કામ એ કરી આપતી.'' મોનુ વિશ માંગતો.

મોનુને ક્યારેક એવું સપનું આવતું કે બસ, તેણે આંખોથી ઈશારો કર્યો તેના બધા કામ આરામથી પૂરા થઈ ગયા, પછી તે સ્કૂલ હોમવર્ક જ કેમ ન હોય. મોનુ ઘણીવાર ઈચ્છતો હતો કે તેનું આ સપનું બસ કોઈ રીતે સાચું પડી જાય.

''વાહ, શું મજા પડી જશે, ન હાથ હલાવવો પડશે અને ન પરસેવો પાડવો પડશે. મારો રૂમ અને બાથરૂમ એકદમ સ્વચ્છ હશે અને ડસ્ટબિન એકદમ ખાલી રહેશે. મારા કપડાં કબાટની અંદર હશે સ્કૂલ માટે મારું લંચબોક્સ એકદમ તૈયાર હોય, તો કેટલું સારું. બસ, મનોમન વિચાર્યું અને કામ પૂરું થઈ ગયું.''



પણ મોનુની મમ્મીએ તેનું આ સુંદર સપનું તોડી નાખ્યું. આજે પણ મમ્મીએ સવારસવારમાં તેને જગાડી દીધો.

''મમ્મી, એટલી પણ શું ઉતાવળ છે? મારે હજી થોડીવાર ઊંઘવું છે.'' જિદ્દ કરતા મોનુ રડ્યો.

મમ્મી ત્યાં જ ઊભી રહી જ્યાં સુધી કે મોનુ પથારીમાંથી ઊઠી ન ગયો. તેણે વિચાર્યું કે તે એક તાનાશાહ છે. ''હદ થઈ ગઈ હું તો મમ્મીનો જ વહાલો દીકરો છું, એવું અમારી હિન્દી કવિતામાં પણ લખ્યું છે.''

પરંતુ મમ્મી તો તેની પાસે કંઈ ને કંઈ કામ કરાવતી રહે છે.

આજે પણ તે કમને બધા કામ કરી રહ્યો હતો. અત્યાર સુધી મમ્મી તેને ૨ વાર ટોકી ચૂકી હતી. પહેલાં તો

મમ્મીએ કહ્યું, ''તે આળસ કરવા લાગ્યો છે પછી એ પણ કહ્યું કે આજે તેમને તાવ છે અને જો મોનુને દૂધમાં ખાંડ ઓછી લાગે તો જાતે જ રસોઈમાં જઈને ડબ્બામાંથી ખાંડ કાઢવી જોઈએ.''

આ સાંભળીને મોનુએ ફરીથી મોં બગાડ્યું. તે એમ જ દૂધ પી ગયો અને બિસ્કિટ ખાઈ લીધા. પરંતુ મમ્મીએ ફરી ટોક્યો તો તેણે સફરજન પણ ખાવું પડ્યું.

મમ્મીએ બેગમાં ટિફિન મૂકી દીધું હતું. ઘરેથી થોડાં પગલાં દૂર સ્કૂલ હતી. મુશ્કેલીથી ૧૦ મિનિટ થતી હતી. આજે તેણે મમ્મીને બાય પણ ન કહ્યું અને બસ ચાલી નીકળ્યો. તે જેવો ગેટ પર પહોંચ્યો તેને યાદ આવ્યું કે આજે તો પહેલાં જ પીરિયડમાં એક સ્પર્ધા થવાની છે. તે પોતાની આળસમાં એ વાત પણ ભૂલી ગયો હતો.

તેને યાદ આવ્યું કે તે કાલે રાત્રે કોઈ કાર્ટૂન ફિલ્મ જોઈ અને બસ તેમાં ખોવાયેલો રહ્યો. ''કેટલું સારું થતું જો સ્કૂલના સિલેબસમાં માત્ર ફિલ્મો જ હોય અને આજે યોજનાર નિબંધ સ્પર્ધામાં કાલની કાર્ટૂન ફિલ્મ પર કંઈક લખવા આપવામાં આવતું તો મજા આવી જતી.'' તે હંમેશાંની જેમ વિચારવા લાગ્યો.

તેણે જેવો ક્લાસમાં પ્રવેશ કર્યો ટીચરે જાહેરાત કરી, 'બધાને ૩૦ મિનિટ આપવામાં આવશે મમ્મી પર ૩૦૦ શબ્દ લખવાના છે. જો ઇચ્છો તો લાંબી કવિતા પણ લખી શકો છો. આજે રજા પહેલાં પરિણામ જણાવી દેવામાં આવશે.'' એટલું કહીને ટીચરે બધાને બ્લેન્ક કોપી વહેંચી દીધી. બધા લખવા લાગ્યા. કોપી પર લખવાનો અવાજ પૂરા ક્લાસમાં આવવા લાગ્યો.

મોનુ હજી કંઈ જ નહોતો લખી રહ્યો. તે આજે ખૂબ ગુસ્સામાં હતો. હવે તેણે પોતાના મનનો ગુસ્સો અને બધી ભડાશ સીટ્સ પર કાઢી દીધી.

તેણે લખી દીધું કે મમ્મી ઘરે હંમેશાં આદેશ આપે છે કે તારો રૂમ સાફ કર, જમી લીધું હોય તો તારી થાળી સાફ કર, તારા જૂતા સાફ રાખ, જાતે પોલિશ કર, રોજ પાંચ કૂંડામાં પાણી રેડ, દરરોજ નવરાશના સમયમાં ચિત્ર દોર, દરરોજ એક્સર્સાઇઝ કર, દરરોજ પગપાળા ચાલ, મમ્મી તો એ પણ કહે છે કે ૫ મા ધોરણમાં છે તો તારા માટે રોટલી શેકતા શીખ. મમ્મી તો બસ આદેશ જ આપે છે. આ રીતે તેણે નિબંધ પૂરો કર્યો અને ટીચરને જમા કરાવી દીધો.

''લંચ પહેલાં તેમના ટીચરે ક્લાસમાં કેટલાક નિબંધ વાંચ્યા. તેમણે મોનુનો નિબંધ વાંચ્યો તો તે ચિંતિત હતો. બધા વિદ્યાર્થીઓએ પોતાની મમ્મીની પ્રશંસા કરી હતી, પરંતુ મોનુ નારાજ હતો. ટીચરે મોનુને બોલાવ્યો અને તેણે પૂછ્યું, ''તેં તારી મમ્મી વિશે એવી વાતો કેમ લખી છે?''

મોનુએ તરત જવાબ આપ્યો. તેનો ચહેરો ગુસ્સામાં લાલ થઈ ગયો, ''કારણ કે તે હંમેશાં મને ઠપકો અને આદેશ આપે છે.''

હં... હું ઇચ્છુ છું કે તમે તમારી મમ્મી વિશે પાંચ વાતો વિચારો, જેને તમે પસંદ કરો છો.'' ટીચરે કહ્યું.

મોનુએ ઊંડો શ્વાસ લીધો, થોડીવાર વિચાર્યું અને પછી પોતાનું લંચબોક્સ જોયું. તે જાણતો હતો કે મમ્મીએ પોતાની ભાવતા ભાજીપાંઉ પેક કરી છે. તેણે પોતાનું ટિફિન ખોલ્યું અને ભાજીપાંઉની સુગંધ પૂરા ક્લાસરૂમમાં ફેલાઈ ગઈ.

તે વિચારવા લાગ્યો, ''મમ્મીની તબિયત ખરાબ હતી, તેમ છતાં તેણે સવારે ઊઠીને મારી મનપસંદ પાવભાજી બનાવ્યા.''

''ટીચર મારી મમ્મી પ્રેમાળ, કાળજી અને પ્રેમ કરનારી લે છે. ભલે ને હું તેમની સાથે રહું છું, પણ તે મારું મનપસંદ ભોજન બનાવે છે. તે દરરોજ સાંજે મને વાર્તાઓ વાંચીને સંભળાવે છે અને મારી સાથે એક મિત્રની જેમ રહે છે. તે ન માત્ર મને આદેશ આપે છે પણ એક વિચાર પણ આપે છે. તેમણે હંમેશાં મને પોતાની જેમ સ્વતંત્ર રહેવાનું શિખવાડ્યું.'' તેણે કહ્યું.

ટીચર હસ્યા અને તેને થપથપાવ્યો, ''રડીશ નહીં મોનુ. અત્યારે જા અને તારું લંચ કર અને સ્કૂલ પછી તને ખબર છે કે શું કરવાનું છે.''

મોનુએ ટીચરને ધન્યવાદ આપ્યા અને પોતાનું ટિફિન ફરીથી ખાધું. હંમેશાંની જેમ આજે ભાજીપાંઉ સ્વાદિષ્ટ હતા. તે પોતાના ટીચર સાથે નિબંધ અને તેના રૂપાંતરણ વિશે વિચારતો રહ્યો.



અંતિમ પીરિયડમાં નિબંધ સ્પર્ધાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું તેની મિત્ર કરિશ્માને નિબંધ માટે પુરસ્કાર મળ્યો.

જ્યારે સ્કૂલ પૂરી થઈ તો મોનુએ પોતાની બેગ બંધ કરી અને એક કાર્ડ લઈ આવ્યો, જે તેણે મમ્મી માટે બનાવ્યું હતું જેવો તે ઘરે પહોંચ્યો, તેણે તે મમ્મીને આપી દીધું અને કહ્યું, ''મમ્મી, મને માફ કરી દો.''

તેની મમ્મીએ તેને ગળે લગાવી લીધો.

''મમ્મી, તમે આરામ કરો હું તમારા માટે આદુંવાળી ચા બનાવીશ. પપ્પા શું તમે મારી મદદ કરશો.'' તેણે પૂછ્યું.

પપ્પા સાથે ચા બનાવ્યા પછી તે પોતાના પેરન્ટ્સ સાથે બેઠકમાં બેઠા અને ચાનો આનંદ ઉઠાવ્યો. તેણે આરામ અનુભવ્યો. ●

અંતર શોધો

અહીં ૧૦ ભૂલ છે. તમે તે ભૂલો શોધીને જણાવો.

આપણા અને તેમના બૌદ્ધિક કાર્ય

માણસ કેટલાય કાર્ય કરવામાં સમર્થ હોય છે અને આપણી જેમ જ ઓક્ટોપસ પણ કેટલાય કામ કરી શકે છે. તે હથિયારોનો ઉપયોગ કરી શકે છે, મૂંઝવણો એટલે કે ભુલભુલામણીના માર્ગને શોધી શકે છે, આ માણસોને ઓળખી શકે છે જે તેમને ભોજન કરાવે છે અને એક માર્ગની યોજના બનાવવામાં લેંડમાર્ક્સ એટલે કે ચિહ્નોનો ઉપયોગ કરે છે.

વૈજ્ઞાનિકોએ તારણ કાઢ્યું કે ઓક્ટોપસ એક ખાસ વ્યક્તિત્વના માલિક છે અને બુદ્ધિશાળી જીવ છે. તેમને એસ્કેપિંગ ટેંક્સ એટલે કે તે ટેંક્સથી બચવા માટે ઓળખાય છે, કારણ કે તે તેનાથી ઘસડાઈને તે સમયે બહાર આવી જાય છે જ્યારે અંદરના પાણીનું લેવલ ઘટી જાય છે. આ બધું તેમની વિચારવાની ક્ષમતાને દર્શાવે છે અને માણસોની જેમ જ મૂલ્યાંકન કરવાની યોગ્યતા બતાવે છે. તેમને જોમખનો અહેસાસ થાય છે ત્યારે સ્કિનના રંગ અને પેટર્નને બદલવા માટે પણ ઓળખવામાં આવે છે

વૈજ્ઞાનિકોના મતે ઓક્ટોપસનું પણ વિભિન્ન અને ખાસ વ્યક્તિત્વ છે જેમ કે માણસનું હોય છે. દરેક ઓક્ટોપસ એક ખાસ રીતે અલગઅલગ વ્યવહાર કરે છે જ્યારે તે સમયે એક સામાન્ય અવસ્થા હોય છે. એટલે કે એક ખાસ અવસ્થા કે સમયમાં ઓક્ટોપસ અલગઅલગ રીતે વર્તણૂક કરે છે.

ખડકોની બનેલી ગુફામાં ઓક્ટોપસ એકલા રહે છે. તે ખડકનો દરવાજો પણ બનાવે છે જેને ખેંચીને તે સલામત ગુફાની અંદર જતા રહે છે અને તે સમયે બંધ કરી લે છે.

રસ્તો શોધો

આલ્ટો એસ્ટોરોઇડ (લઘુગ્રહ)ની મદદ
તેના ઘર સુધી પહોંચવામાં કરો.



જવાબ છેલ્લા પાના પર છે.

દાદાજી અને વિશ્વ ટીવી દિવસ

ચિત્રવાર્તા • વિવેક ચક્રવર્તી


રાહુલ અને રિયા પરસ્પર ચર્ચા કરી રહ્યા હતા.
ટીવી ઓફ કર. મને વાંચવામાં તકલીફ થઈ રહી છે. તારે પણ વાંચવું જોઈએ.
થોડી વાર પહેલાં તું પણ ટીવી જોઈ રહી હતી.
હું એજ્યુકેશનલ શો જોઈ રહી હતી અને તું નકામા શો જોવામાં સમય બરબાદ કરી રહ્યો છે.
અરે, મને નથી ખબર કે તે કાર્ટૂન શો, જે તું જોઈ રહી હતી તે એજ્યુકેશનલ હતો.
બાળકો, શું વાત છે. તમે ઝઘડો કેમ કરી રહ્યા છો?
દાદાજી, હું આને કહી રહી છું કે ટીવી બંધ કર મારે ભણવું છે, પણ આ છે કે મારી વાત જ નથી સાંભળતો.
દાદાજી, રિયા પહેલાં ટીવી જોઈ રહી હતી અને હવે તે મને કહી રહી છે કે હું સમય બરબાદ કરી રહ્યો છું? શું ટીવી જોવું સમય બગાડવો છે, દાદાજી?
આ તો એ વાત પર નિર્ભર કરે છે કે તું શું જોઈ રહ્યો છે.


હું તમારા કહેવાનો મતલબ ન સમજી શકી, દાદાજી?
ટીવી પર અનેક શો આવે છે અને એ તમે પસંદ કરો છો કે એજ્યુકેશનલ શો જોવો છે કે એન્ટરટેઈનમેન્ટ.
ક્યારેક-ક્યારેક કોઈ શોમાં હિંસા બતાવવામાં આવે છે, જે બાળકો માટે ખોટું છે, કારણ કે તે શો જોવાથી તેમની પર અસર થાય છે. કેટલાક લોકોને ટીવી જોવાની ટેવ પડી જાય છે અને પછી તે અન્ય કોઈ કામ કે એક્ટિવિટી નથી કરવા ઇચ્છતા, જે નુકસાનકારક બની શકે છે.
ટીવી જોવું આટલું ખરાબ છે, દાદાજી?
ના, એવી વાત નથી. આપણે ટીવીમાં જ્ઞાનવર્ધક શો પણ જોઈ શકીએ છીએ.
ટીવીને યૂનેસ્કો દ્વારા એક સશક્ત જ્ઞાનપ્રદ અને સંચારના માધ્યમ તરીકે માન્યતા આપી છે. તેના મહત્ત્વ માટે જાગૃતિ ફેલાવવા ૨૧ નવેમ્બરે વિશ્વ ટેલિવિઝન ડે એટલે ટીવી દિવસ ઊજવવામાં આવે છે.
SONAL
પણ દાદાજી, અમે હજી સમજી નથી શક્યા કે ટીવી જોવું સારું કે ખરાબ?
દરેક વસ્તુના બે પક્ષ હોય છે. સારા અને નરસા. તે આપણી પર નિર્ભર કરે છે કે આપણે કયા પક્ષને અપનાવીએ છીએ. આપણે ટીવી એન્ટરટેઈનમેન્ટ અને એજ્યુકેશન માટે જોવું જોઈએ અને આપણને ખબર હોવી જોઈએ કે તેને ક્યારે બંધ કરવું અને અન્ય કામ કરવું.
તમે સાચું કહ્યું, દાદાજી.

નાની મારી લેખણ

યોગિતા, ૧૦ વર્ષ
દિલ્લી

ચેમ્પિયન

કોઇપણ મારી વાત સાંભળવા નથી ઇચ્છતું. મારા માથા પર સૂરજ તપી રહ્યો છે. પરંતુ તું મને નીચે ન પાડી શકે. હું મુગટની રાણી છું. કારણ કે હું એક ચેમ્પિયન છું. મારી વિરુદ્ધ દુશ્મન જે કંઇપણ કહે છે, સિવાય જૂઠ કંઇ જ નથી. હું મારા પથ પર ચાલવા જઇ રહી છું. તમામ અવરોધને પાર કરવા જઇ રહી છું. અશક્ય કામ પણ હું કરીશ, તમે અત્યારે મારી અવગણના કરશો, પરંતુ જ્યારે હું તમારી આંખોની સામે ઊઠીશ, જ્યારે તમે જોશો કે હું એ ચેમ્પિયન છું. મારો મુગટ સોનાનો બનેલો છે. તમારી મારી વિરુદ્ધ ચીડિયાપણું હવે જૂની વાત થઇ જશે. મારી પીઠ પાછળ મારી પર હસવાનું બંધ કરો. મારામાં એવી કોઇ કમી નથી, જેની પર તમે હસો હું બધાને ગૌરવાન્વિત કરવા ઇચ્છું છું. જોરથી મારું નામ સંબોધો. તમે અત્યારે મને નજરઅંદાજ કરી કો છો અને જ્યારે હું તમારી નજરની સામે ઊઠીશ ત્યારે તમે જોશો કે હું એક ચેમ્પિયન છું.

ગીત કૌર, ૧૦ વર્ષ
દિલ્લી

આયરાન્યા રાઉત, ૮ વર્ષ, દિલ્લી

પ્રતિભાશાળીની પરિભાષા

જીનિયસ એટલે કે પ્રતિભાશાળીનો અર્થ છે જે કુશાગ્ર બુદ્ધિવાળો હોય છે. તે હંમેશાં હસતો રહે છે. ૯૯ ટકા તે પ્રેરણાદાયક હોય છે, માત્ર એક ટકા જ પરસેવો પાડે છે. તમારે એ જરૂર જાણવું જોઇએ કે તમે શું ઇચ્છો છો અને ક્યારેય એવું કંઇ જ નથી જે તમને ડરાવે. જે જીનિયસ હોય છે તે થોડા કેઝી એટલે કે સનકી હોય છે. તે ક્યારેય પણ પોતાના સપનાંને ધૂંધળા નહીં થવા દે. આ મગજની એક પરિપૂર્ણ અવસ્થા જે તમને મૂંઝવણોથી મુક્ત કરાવીને રાહત પહોંચાડવામાં મદદ કરે છે. આ એક પરિપૂર્ણ ફેશન એટલે કે મનોભાવ છે જે તમારા ચરિત્રની એક ફેશન બની જાય છે. માત્ર આ વાતને તમે જેને પણ કરવા ઇચ્છો એટલે કે તમે જે કામ કરવા ઇચ્છો છો તેને પ્રેમથી કરો અને પછી તમે જોશો કે તમારી અંદર પ્રતિભાનો વિકાસ થઇ રહ્યો છે.

અનુષા શુક્લા, ૧૧ વર્ષ, જબલપુર

અદિતિ રંજન, ૬ વર્ષ
પટણા

ગ્રીષ્મા ડી વશિષ્ઠ, ૯ વર્ષ
બેંગલુરુ

અપર્ણા મિશ્રા, ૧૩ વર્ષ
જમશેદપુર

ઈ-ક્લાસેસ

ઈ- ક્લાસેસ ખૂબ જ આકર્ષક હોય છે. હું તેને ખૂબ પસંદ કરું છું પણ આ વધારે સરળ પણ નથી. હંમેશાં એક સમસ્યા આવતી, કારણ કે કમ્પ્યૂટર પ્રોગ્રામને લોડ થવામાં સમય લાગે છે અને ક્યારેક ક્યારેક તે ડિસ્કનેક્ટ પણ થઈ જાય છે. તેની સાથે ક્યારેક ક્યારેક હું મારા ટીચરને સાંભળી નથી શકતી, તેમને જોઈ નથી શકતી અને ક્યારેક ક્યારેક મારા ટીચરનું કનેક્શન ખૂબ કમજોર હોય છે. શોરબકોર શરૂ થઈ જાય છે અને બધા ચીસાચીસ શરૂ કરી દે છે. જ્યારે અમારા ટીચર પોતાની સ્ક્રીનને શેર કરે છે, તો ક્યારેક ક્યારેક કંઈક અલગ જ વસ્તુ દેખાવા લાગે છે કે ઘટવા લાગે છે. તેમ છતાં ઈ-ક્લાસેસ વિશે સારી વાતો જે છે, તે એ છે કે હું જ્યાં સુધી ઇચ્છુ, ત્યાં સુધી બેસી રહી શકું છું.

સંસ્કૃતિ શર્મા, ૧૦ વર્ષ જમ્મુ

મારા પપ્પા

જે હંમેશાં મને પોતાના ખભા પર પ્રાણીસંગ્રહાલય લઈ જાય છે, જે હંમેશાં મને યોગ્ય દિશા બતાવે છે અને કેવી રીતે રમે છે, એ વાત શિખવાડે છે, તે મારા પપ્પા છે. જે મને તે તમામ વસ્તુઓ આપે છે, જેને હું ઇચ્છુ છું અને ક્યારેય પણ મને નિરાશ નથી કરતા, તે મારા પપ્પા છે. જે મારા માટે રાતદિવસ કામ કરે છે, જેથી મારું ભવિષ્ય ઉજ્જવળ બને. તે મારા પપ્પા છે. જે મને વાંચતા શીખવે છે અને સાઇકલ પર સવારી કરાવે છે તે મારા પપ્પા છે, તે મને આત્મીયતા વિશે જણાવે છે, કારણ કે તે જીવનની હકીકતને જાણે છે, તે મારા પપ્પા છે.

સક્ષમ પીયૂષ, ૧૦ વર્ષ
રાજસ્થાન

આ પેપર રેબિટ છે જેને અમારા ૧૦ વર્ષના વાચક સુપ્રવો શાહાએ દુર્ગાપુરથી બનાવીને મોકલ્યું છે.

તમારા જોડકાં, જોક્સ, ચિત્ર કે વાર્તા તમારાં નામ, ઉંમર, સરનામાં અને ફોન નં. સાથે લખો :

ચંપક, દિલ્લી પ્રેસ, એ-૪, શ્રીરામ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, વડાલા, મુંબઈ-૪૦૦૦૩૧

writetochampak@delhipress.in 9619587613

www.facebook.com/ChampakMagazine

http://www.youtube.com/ChampakSciQ

અમે તમારી સામગ્રી પાછી નથી આપી શકતા તેથી અમને મોકલેલી સામગ્રીની કોપી તમારી પાસે રાખો.

ખોટું શોધો

આ ચિત્રમાં કેટલીક વાત એવી છે જે યોગ્ય નથી, તેને શોધો.



એપ્સનું ઘમસાણ

વાર્તા • નિખિલ અગ્રવાલ

ગુલ્લુને તેના ક્લાસમાં પ્રથમ સ્થાન મળ્યું અને તેના પેરન્ટ્સે તેને એક નવો મોબાઈલ ભેટમાં આપ્યો. મોબાઈલની સ્વચ્છ, ચમકદાર સ્ક્રીન પર બધું બિલકુલ અરીસા જેવું સ્પષ્ટ દેખાતું હતું. જેવો ફોન મળ્યો ગુલ્લુએ તેમાં દરેક પ્રકારના એપ્સ ડાઉનલોડ કરી લીધા. મિત્રો સાથે વાતચીત કરવા અને પૂરો દિવસ ગેમ્સ રમવા માટે તે પોતાના મોબાઈલનો ઉપયોગ કરવા લાગ્યો. રાત્રે પણ ફોનને પોતાની પાસે જ રાખીને તે ઊંઘી ગયો. જાણે તેને કોઈ મુલાયમ ટેડીબેર મળી ગયું હોય.

જેવો ગુલ્લુ ઘસઘસો ઊંઘી ગયો કે અચાનક તેના મોબાઈલમા કોઈ હલચલ થવા લાગી, થોડો ગણગણાટ સંભળાવા લાગ્યો. તેના મોબાઈલમાં



પ્લેસ્ટોરે બધા નવી એપ્સની એક બેઠક બોલાવી હતી. હવે નવોનવો મોબાઈલ ફોન હતો અને પ્લેસ્ટોરને તો સૌથી પહેલાં મોબાઈલમાં ઈન્સ્ટોલ કરવામાં આવે છે, તેથી બધાની ખબર રાખવાની જવાબદારી પણ તેની રહે છે. બધી એપ્સ તેના દ્વારા ઈન્સ્ટોલ થાય છે અને કોઈ તેનો વિરોધ પણ નથી કરતું. બધી એપ્સ તેને દાદાજી કહીને બોલાવતી હતી. હવે આ દરેક એપ્સના મનમાં એક સ્પર્ધા ચાલી રહી હતી કે કોણ સૌથી વધારે સારું છે. જેવી બેઠક શરૂ થઈ કે પ્લેસ્ટોરે બોલવાનું શરૂ કર્યું. ''કોઈ શંકા નથી કે મોબાઈલમાં સૌથી સારી એપ હું છું. સૌપ્રથમ ફોનમાં મને ઈન્સ્ટોલ કરાય છે. મારા વિના મોબાઈલ ફોનમાં કોઈ ન આવી શકે. આ વાત સાંભળતા બધી એપ્સ હસવા લાગી.

''દાદાજી , તમે અહીં બધાથી મોટા છો તો તેનો અર્થ એ નથી કે અમારી અવગણના કરો.'' એક એપે કહ્યું.

બીજું એક એપ પણ આગળ આવીને બોલી, ''અમને બંનેને ફોનમાં શરૂઆતમાં ઈન્સ્ટોલ કર્યાં હતા. પેલી પાછળ જે કેલ્કયુલેટર એપ પડી પડી ઊંઘે છે, તે પણ પ્રીલોડેડ હોય છે, અમે જૂના મોબાઈલના જમાનાથી આવીએ છીએ, તો પછી દાદાજી તમે ક્યાંથી બધામાં શ્રેષ્ઠ થઈ ગયા?'' બધા આ ટિપ્પણી પર ખડખડાટ હસવા લાગ્યા.

''મારા વિના કોઈને મેસેજ અને ડાયલર વિના કોઈની સાથે વાત કરીને બતાવો, તો હું માનું.'' એસએમએસે પડકાર આપ્યો.

''હવે સમય બદલાયો દીદી. અમે તો નવી પેઢીની છીએ.'' વોટ્સએપે કહ્યું, ''તમારા બંને કામ હું એકલા હાથે કરી શકું છું. કોલ પણ અને મેસેજ દ્વારા વાત પણ અને તે પણ મફતમાં.''

''ત્યારે શું થાય જ્યારે ઈન્ટરનેટ કામ કરવાનું બંધ કરી દે છે? ત્યારે અમે જ તો કામ આવીએ છીએ. તું ચાદરમાં મોં છુપાવી લે છે.'' એસએમએસ એપ ગુસ્સે થઈ.

''પરંતુ નેટવર્ક વિના તમે પણ કામ નથી કરી શકતા ને. ક્યાંક વાઈફાઈ હોય તો હું ચાલુ રહું છું.'' વોટ્સએપે શરમાઈને કહ્યું.

''તમે થોડા બાજુમાં જઈ શકો છો.'' ઈંસ્ટાગ્રામે પોતાના રુંઆબદાર અંદાજમાં કહ્યું અને આગળ આવ્યું.

''ગુલ્લુ પોતાનો વધારે સમય તો મારા ઉપયોગમાં વિતાવે છે. હું તેને મિત્રો સાથે વાતો કરવામાં મદદ કરું છું અને દુનિયાભરના ફોટા, વીડિયો અને જ્ઞાનનો ભંડાર દુનિયાને નેવિગેટ કરવાની મંજૂરી આપું છું.''

''આ બધાને સમય પસાર કરવો નહીં, સમયની બરબાદી કહેવાય છે.'' વોટ્સએપે ટોણો માર્યો.





''હા, હા, બિલકુલ.'' ઇંસ્ટાગ્રામે કટાક્ષભર્યું અટ્ટહાસ્ય કર્યું. છોટા ભીમ પર ૧૦ મિનિટના વીડિયોથી લઈને અડધા કલાક સુધીના વીડિયો બનાવવામાં સમય નથી લાગતો. સમય તું પણ એટલો બરબાદ કરે છે.'' આ દલીલ પર બધી એપ્સ હસવા લાગી.

''બધા શાંત થઈ જાઓ, પ્લેસ્ટોરે કહ્યું, ''હું પૂછવા માંગું છું કે તમને બંનેને કેવી તે ખબર કે ગુલ્લુ કંઈ એપમાં શું કરે છે અને તેની જાણકારી તમને કેવી રીતે મળી?''

વોટ્સએપ અને ઇંસ્ટાગ્રામ બંને જાણતા હતા કે હવે તેઓ મુશ્કેલીમાં છે. જેવી ઇંસ્ટાગ્રામની નજર પ્લેસ્ટેશન પર પડી, તેણે કહ્યું, ''દાદાજી, આ બધું મને ટિકટોકે જણાવ્યું છે.'' આ વાત સાંભળીને યૂટ્યૂબ દુખી થઈ ગયું અને તેણે કહ્યું, ''શું તેણે તમને જણાવ્યું છે. તેણે મને વચન આપ્યું હતું કે હું કોઈને નહીં કહું.''

''હા, ઇંસ્ટાગ્રામની આ ભીમવાળી વાત લગભગ બધા જાણે છે. મને એ વાતની જાણ છે કે વોટ્સએપ પર કાલે ગુલ્લુએ રિકુ સાથે એક કલાક વાત કરી હતી અને ત્યાર પછી યૂટ્યૂબ પર છોટા ભીમ જોયું હતું.''

''સારું એમ વાત છે.'' પ્લેસ્ટોરે કહ્યું, ''આ ટિકટોક બધાની વાત એકબીજાને કહેતું રહે છે. જે બિલકુલ યોગ્ય નથી. તેનાથી ગુલ્લુની પ્રાઇવેસી પર જોખમ ઊભું થઈ શકે છે. આપણે તેને સમજાવવું પડશે.''

પછી તેઓ ટિકટોકને શોધતા જ હતા કે એટલામાં સમાચાર જણાવતી એપે તેમનો રસ્તો રોક્યો અને કહ્યું, ''કોઈ જરૂર નથી.''

''કેમ નથી? અમારે તેને સમજાવવું પડશે.'' વોટ્સએપે કહ્યું.

''મેં તેને ફોનમાંથી કાઢી નાખ્યું છે. હવે તે અહીં ક્યારેય પોતાનું મોં નહીં બતાવે.'' સાંભળીને બધી એપ ચોંકી ગઈ. ન્યૂઝ એપે બોલવાનું ચાલુ રાખ્યું. ''ચોંકવાની જરૂર નથી. મને તેની પ્રવૃત્તિઓ પર શંકા હતી. આ બેઠકના થોડા સમય પહેલાં ટિકટોકને મેં





ચોરીછૂપી વેબ બ્રાઉઝર દ્વારા ગુલ્લુનો પાસવર્ડ ચોરતા જોયું હતું. ત્યાર પછી મારી શંકા સાચી પુરવાર થઈ. પછી જ્યારે સમાચાર મળ્યા કે આ કારણસર તેને અને તેની સાથી એપ્સને દેશભરના મોબાઈલમાંથી દૂર કરી દેવામાં આવી છે, ત્યારે મેં પણ તેને જવાનું કહી દીધું. હવે દાદા પણ ઈચ્છવા છતાં તેને પાછું લાવી નહીં શકે.''

''હવે બધી એપ્સે રાહતનો શ્વાસ લીધો, પરંતુ હજી કોઈને આ વાત હજમ નહોતી થઈ રહી, કારણ કે ટિકટોક એક મૈત્રીપૂર્ણ એપ હતી અને બધાને ગમતું પણ હતું. છેલ્લે પ્લેસ્ટોરે કહ્યું, ''ભૂલ ટિકટોકની નથી, ભૂલ તો તેને બનાવનારની છે. તેની ઈચ્છાની છે. આ કામ કરવાનો કોડ તેણે જાતે તો પોતાનામાં નહીં નાખ્યો હોય. તે માત્ર ગુલ્લુના મનોરંજનનું સાધન હતું. આપણી સૌ એપનું માત્ર એક જ લક્ષ હોવું જોઈએ કે કેવી રીતે ગુલ્લુની પ્રાઈવેસીની સુરક્ષા કરવી અને તેના જીવનને વધારે સરળ બનાવવું. આ તો આપણા બધાની જવાબદારી છે.'' આ વાત પર તમામ એપ્સે પોતાના નોટિફિકેશનના અવાજ સાથે સહમતી દર્શાવી.

પછી થોડા સમયમાં સવાર પણ થઈ ગઈ. બધી એપ્સ પોતપોતાની જગ્યાએ સેટ થઈ ગઈ અને બીજા એક દિવસની કામગીરી માટે તૈયાર થઈ ગઈ. ●

ઉત્તર પૃષ્ઠ :

પૃષ્ઠ ૧૮ : તમારા અધિકાર જાણો :

પૃષ્ઠ ૨૩ : વિશ્વ શૌચાલય દિવસ :

સીમા શૌચ કર્યા પછી ફ્લશ ચાલું કરી દે છે.
રાહુલ ખુલ્લામાં પેશાબ કરે છે.
અદિતિ શૌચાલયનો ઉપયોગ કર્યા પછી હાથ ધુએ છે.
ચંચલ વધારે ટોઈલેટ પેપરનો ઉપયોગ કરે છે.
સમીર એક જાહેર શૌચાલયનો ઉપયોગ કરે છે પણ સાફ નથી રાખતો.
સાહિલ ટોઈલેટ પેપરનો ઉપયોગ કરીને ફ્રસ્ત પર નાખી દે છે.
અજય જાહેર શૌચાલયમાં જાય છે ત્યારે લાઈન તોડીને આગળ જાય છે.
શ્રેયા શૌચ કર્યા પછી સાબુથી હાથ ધુએ છે.
હંસિકા શૌચાલયનો ઉપયોગ કર્યા પછી સાફ રાખે છે.

પૃષ્ઠ 33 : છૂપાં ચિત્ર શોધો :



પૃષ્ઠ ૪૧ : રસ્તો શોધો :



HAPPIER CHILDHOODS GUARANTEED

If you are looking for magazines that will help spark the imagination of your child, look no further! Dedicated to broadening the horizons of children aged 2-12 years, *Champak*, *Highlights Genies* and *Highlights Champs* are an essential part of your child's reading list.



India's largest read children's magazine

America's leading children's magazine in now is India!



America's leading early childhood magazine is now in India!

To subscribe : SMS 8588843436 | Call toll free no.1800 103 8880 | visit www.delhipress.in/subscribe | email subscription@delhipress.in

(REGISTERED) RNI 23888/72 DL(C)-14/1092/2018-20
WPP U(C)147/68/2018-20 P.O. SRT Nagar, ND-55
Posting Dt. 16 to 22 Published on 10/11/2020. Pgs. 52

SUNCARE

A WHO GMP COMPANY
SURE SAFE SECURE

સ્વાસ્થ્યની રાખો સંભાળ જીવન રહે ખુશહાલ

Delicious Orange Taste

HAEMOCAL*

Delicious Taste

Iron Tonic Loaded with Glucose

• ભૂખ ન લાગવી • એનીમિયા (શરીરમાં લોહીની ઊણપ) • સ્કિન સફેદ દેખાવી શ્ર જીભ, નખમાં સફેદી. • કમજોરી અને ખૂબ થાક લાગવો • શ્વાસોશ્વાસ વધવા અને ધબકારા વધી જવા.

ઉપરોક્ત લક્ષણોમાં તરત ઉપયોગમાં લો

હેમોકોલ તમારા શરીરમાં લોહીની ઊણપને દૂર કરે છે, તેની ઓરેન્જ ફ્લેવર ખૂબ સ્વાદિષ્ટ છે. તેમાં આયર્ન અને ફોલિક એસિડનો ભંડાર છે જે કમજોરીને તમારી જિંદગીમાંથી દૂર કરી દે છે. પહેલા ડોઝથી જ લાભ મળશે.

એસિડીટી, પેટ ફૂલવું, ગેસ, અપચો, પેટનો દુખાવો, પાતળો ઝાડો, ડાયેરિયા, કબજિયાત, ઊલટી, તાવ, બેચેની, હેડકી વગેરે!

ઉપરોક્ત લક્ષણોમાં તરત ઉપયોગમાં લો.

STOMAFIT®

Tablets & Liquid

લાભ પહેલા ડોઝથી જ

૨ ચમચી /૨ ટેબ્લેટ દિવસમાં ૩ વાર લીધા પછી અડધો કપ પાણી સાથ ૪ અઠવાડિયાં સુધી

Instant Relief from Indigestion & Acidity

રાખો સ્ટમક ફિટ
પેટ ફિટ... તમે ફિટ...

Now Available on 1mg

Please contact for more information :
SUNCARE FORMULATIONS PVT. LTD.
Ph.: 8447977889/999, 011-46108735, Mail : info@stomafit.com

For Free Home Delivery 8447977999

Champak (Gujarati) November-II, 2020